“ રવિવારની સાપ્તાહિક પૂર્તિ ”

રસધાર

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 । Issue- 49 । AD - 2026, Kartak Sud-12 । Sunday, Dt. 22-11-2026 । Editor : Vasant Movliya : Phone : (02792) 225225 । E-mail : sanjognews@gmail.com । Page-08 Price : Rs.3-00

# આદિવાસી વિસ્તારમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના ૭૨ કલાક: આત્મીય સંવાદ અને વિકાસની સમીક્ષા

ભારતના ઈતિહાસ અને સંસ્કૃતિમાં આદિવાસી સમાજનું યોગદાન અવિસ્મરણીય રહ્યું છે. દેશની આઝાદીની લડતથી લઈને રાષ્ટ્રના સ્વાભિમાન અને અસ્મિતાની રક્ષા સુધી આદિવાસી નાયકોના શૌર્ય, સાહસ અને બલિદાનની ગાથાઓ પ્રેરણારૂપ છે. એવા જ એક આદિવાસી નાયક ભગવાન બિરસા મુંડાએ જનજાતીય સમુદાયના સ્વાભિમાનની રક્ષા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. તેમના બલિદાનને તેમજ આદિવાસી સમુદાયના ગૌરવશાળી ઈતિહાસને રાષ્ટ્રીય સ્તરે ઓળખ મળે તે હેતુથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ભગવાન બિરસા મુંડાની જન્મજયંતી એટલે કે ૧૫ નવેમ્બરને ‘જનજાતીય ગૌરવ દિવસ’ તરીકે ઉજવવાનો નિર્ણય લીધો.

જનજાતીય ગૌરવ દિવસ નિમિત્તે ગુજરાતમાં ૧૨ થી ૧૮ નવેમ્બર દરમિયાન ‘જનજાતીય ગૌરવ સપ્તાહ’ની ઉજવણી કરવામાં આવી. આ ઉજવણીના માહોલમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે દાહોદ જિલ્લાના અંતરિયાળ આદિજાતિ વિસ્તાર ગરબાડામાં ૭૨ કલાકનો પ્રવાસ કરીને જનજાતીય સમાજ સાથે સીધો સંવાદ સાધ્યો હતો. ૧૮ થી ૨૦ નવેમ્બર સુધીનો મુખ્યમંત્રીશ્રીનો આ ત્રણ દિવસીય પ્રવાસ માત્ર સરકારી કાર્યક્રમો પૂરતો સીમિત ન રહેતાં ગ્રામજીવનને નજીકથી સમજવાનો અને લોકોની વચ્ચે રહીને તેમની અપેક્ષાઓ જાણવાનો એક વિશેષ પ્રયાસ બન્યો હતો.

**પ્રથમ દિવસ : ભગવાન બિરસા મુંડાને પુષ્પાંજલિ, આદિવાસી પરિવાર સાથે ભોજન અને રાત્રિરોકાણ**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગરબાડા પહોંચીને ધરતી આબા ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને પોતાના ત્રણ દિવસીય પ્રવાસની શરૂઆત કરી હતી. પરંપરાગત આદિવાસી લોકનૃત્ય અને વાદ્યો સાથે ગ્રામજનોએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આદિવાસી કલાકારોએ મુખ્યમંત્રીશ્રીને પરંપરાગત કોટી, ભોરિયું અને તીર-કામઠાની ભેટ આપી હતી. લોકનૃત્યની ટીમે તેમની સાથે ફોટો પડાવવાની ઈચ્છા વ્યક્ત કરતાં મુખ્યમંત્રીશ્રીએ સહજતાથી ફોટોગ્રાફરની રાહ જોઈને કલાકારો સાથે ફોટો પડાવ્યો હતો.

ત્યારબાદ ગાંગરડી અને સરાબલી ગામોમાં મુખ્યમંત્રીશ્રીએ આદિવાસી પરિવારોના ઘરે જઈ મકાઈના રોટલા, અડદ-ચણાની દાળ સહિતના પરંપરાગત ભોજનનો સ્વાદ માણ્યો હતો. સાથોસાથ પરિવારના વડીલો, બહેનો તથા બાળકો સાથે વાતચીત કરીને તેમની આર્થિક સ્થિતિ, આજીવિકા અને બાળકોના અભ્યાસ વિશે જાણકારી મેળવી હતી.

ધાનપુર તાલુકાના ભિંડોલ ગામમાં આદિવાસી તડવી પરિવારના ઘરે તેમણે પ્રથમ રાત્રિરોકાણ કર્યું હતું. પરિવારજનો સાથે જમીન પર બેસીને પતરાળીમાં ભોજન લીધું હતું. ત્યારબાદ ખાટલા બેઠકમાં ગ્રામજનોના પ્રશ્નો સાંભળ્યા અને પરંપરાગત ભજન-કીર્તનનો આનંદ માણ્યો હતો.

**બીજો દિવસ : લોકઆસ્થાના કેન્દ્રથી આંગણવાડી સુધી, વિકાસકાર્યોની સમીક્ષા અને ગ્રામજનો સાથે સંવાદ**

બીજા દિવસે મુખ્યમંત્રીશ્રીએ રતનમહાલના ગાઢ જંગલ વિસ્તારમાં આવેલા ભુવેરો ગામના પ્રાચીન બાબાદેવ સ્થાનકે દર્શન કર્યાં હતાં. આદિવાસી સમાજની ધાર્મિક પરંપરાઓ સાથે જોડાયેલા આ સ્થળે તેમણે ગ્રામજનો સાથે જમીન પર બેસીને સંવાદ કર્યો હતો. સખી મંડળોની બહેનોના સ્ટોલની મુલાકાત લઈને પ્રાકૃતિક ખેતીની પેદાશો, ખજૂરીનાં પાનની છાબડીઓ અને હર્બલ સાબુ જેવી સ્થાનિક બનાવટો વિશે જાણકારી મેળવી હતી.

રતનમહાલથી ગરબાડા પરત ફરતી વખતે પીપરગોટા ગામે અચાનક રોકાઈને આદિવાસી ખેડૂત બકુલભાઈ વાખળાના ઘરે તેઓ પહોંચ્યા હતા. તેમની સાથે મકાઈની ખેતી, આવક અને બાળકોના અભ્યાસ અંગે ચર્ચા કરી હતી. ત્યારબાદ નંદઘર-આંગણવાડી કેન્દ્રની ઓચિંતી મુલાકાત લઈને બાળકોના પોષણ, આરોગ્ય, નાસ્તા અને શૈક્ષણિક પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કર્યું હતું.

આ ઉપરાંત રતનમહાલ પ્રોજેક્ટની મુલાકાત દરમિયાન અધિકારીઓ સાથે વિકાસકાર્યોની પ્રગતિની સમીક્ષા કરી હતી. ગરબાડા તાલુકા પંચાયત કચેરીએ જનસુનાવણી યોજીને નાગરિકોની રજૂઆતો સાંભળી હતી. સાંજે ભામાતળાઈ ફળિયામાં જશવંતસિંહ રાઠોડના ઘરે ભોજન લીધા બાદ ગ્રામજનો સાથે આત્મીય સંવાદ અને ભજન-કીર્તનમાં સહભાગી થયા હતા.





















ત્રીજા દિવસે મુખ્યમંત્રીશ્રીએ પાટાડુંગરીના ઠક્કરબાપા સરોવરની મુલાકાત લઈને જળસંગ્રહ ક્ષમતા, પાણીના જથ્થા અને વિતરણ વ્યવસ્થાની માહિતી મેળવી હતી. નીરવાટિકામાં વડના છોડનું વાવેતર કરીને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો. સ્થાનિક માછીમારો સાથે ચર્ચા કરીને તેમના વ્યવસાય, આવક, વેપાર અને બાળકોના શિક્ષણ અંગે જાણકારી મેળવી હતી.

ચંદાવડા ગામના ભાભોર ફળિયામાં આદિવાસી પરિવારો સાથે સંવાદ દરમિયાન દિવ્યાંગ દિનેશભાઈએ મુખ્યમંત્રીશ્રીને કમળ અર્પણ કર્યું હતું. સખી મંડળની એક દિવ્યાંગ બહેને પોતાના હાથે બનાવેલું વાંસનું તોરણ ભેટ આપ્યું હતું. ત્યારબાદ બાવકાના શિવમંદિર પ્રાંગણમાં જનસુનાવણી યોજીને લોકોની રજૂઆતો સાંભળી અને અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

**શિક્ષણથી સ્વાવલંબન સુધી: વિવિધ યોજનાઓ અમલમાં મૂકી રહી છે. તેના કેટલાક નોંધપાત્ર પરિણામો:**

- વર્ષ ૨૦૨૧-૨૨થી ૨૦૨૫-૨૬ દરમિયાન રાજ્યની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ હેઠળ રૂ.૪૩૮.૨૭ કરોડના ખર્ચે ૫૮.૩૮ લાખ વિદ્યાર્થીઓને લાભ; કેન્દ્રની પ્રિ-મેટ્રિક યોજના હેઠળ રૂ.૧૮૪.૫૧ કરોડના ખર્ચે ૫.૩૭ લાખ અને પોસ્ટ-મેટ્રિક યોજના હેઠળ રૂ.૨૧૪૫.૨૯ કરોડના ખર્ચે ૧૧.૩૯ લાખ વિદ્યાર્થીઓને લાભ.
- વિદ્યાર્થિનીઓ માટે ગુજરાત સરકારની વિશેષ પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ રૂ.૪૨૦.૨૭ કરોડના ખર્ચે ૩૨,૨૨૬ વિદ્યાર્થિનીઓને સહાય.
- ગણવેશ સહાય યોજના હેઠળ રૂ.૪૮૨.૧૬ કરોડના ખર્ચે ૫૮.૨૦ લાખ વિદ્યાર્થીઓને ત્રણ જોડી ગણવેશ માટે સહાય; શૈક્ષણિક સાધનો માટે રૂ.૪૫૪.૮૮ લાખના ખર્ચે ૮,૪૯૧ વિદ્યાર્થીઓને લાભ.
- વિદ્યા સાધના યોજના હેઠળ રૂ.૮૦.૩૪ કરોડના ખર્ચે ૧.૭૬ લાખ દીકરીઓને સાયકલ સહાય અને ટેલેન્ટ પૂલ વાઉચર યોજના હેઠળ રૂ.૫,૫૨૦.૬૧ લાખના ખર્ચે ૯,૧૧૯ વિદ્યાર્થિનીઓને લાભ.
- દૂધ સંજીવની યોજના હેઠળ રૂ.૫૫૩ કરોડના ખર્ચે ૩૮.૫૪ લાખ બાળકોને ૨૦૦ મિલીલીટર ફ્લેવર્ડ દૂધ; રાજ્યની ૬૬૩ આશ્રમશાળાઓમાં આશરે ૧.૧૧ લાખ વિદ્યાર્થીઓને લાભ મળે છે.
- ૭૬ આદર્શ નિવાસી શાળાઓમાં ૪૯,૨૫૪ વિદ્યાર્થીઓને રૂ.૫૩૪.૦૬ કરોડના ખર્ચે લાભ; ૧૭૬ સરકારી છાત્રાલયોમાં ૮૪,૦૨૧ અને ૮૯૫ અનુદાનિત છાત્રાલયોમાં આશરે ૨.૫૬ લાખ વિદ્યાર્થીઓને લાભ.
- આદિવાસી વિદ્યાર્થીઓમાંથી ૨૩૬એ **MBBS**, ૧૪૦એ ડેન્ટલ, ૧૭૧એ હોમિયોપેથી, ૭૯એ આયુર્વેદ, ૬૬એ ફિઝિયોથેરાપી, ૨૫૭એ ફાર્મસી, ૨,૧૨૦એ નર્સિંગ અને ૭૮૯એ એન્જિનિયરિંગમાં પ્રવેશ મેળવ્યો.
- છેલ્લા પાંચ વર્ષમાં રૂ.૬૧.૯૫ કરોડના ખર્ચે ૨૦,૧૫૯ યુવાનોને તાલીમ આપવામાં આવી, જેમાંથી ૧૫,૪૮૫ને રોજગારી મળી.
- મફત તબીબી સહાય યોજના હેઠળ ૬૭,૩૭૨ દર્દીઓને રૂ.૧૦૦.૨૭ કરોડની સહાય; આવાસ યોજનાઓ હેઠળ રૂ.૩૯૩.૬૫ કરોડના ખર્ચે ૩૧,૧૩૫ લાભાર્થીઓને લાભ.
- **PM JANMAN** હેઠળ ગુજરાતના પાંચ ખાસ નબળા આદિજાતિ જૂથો માટે રૂ.૧૭૫.૩૨ કરોડનો ખર્ચ. ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન હેઠળ ૨૧ જિલ્લાનાં ૧૦૨ તાલુકાનાં ૪,૨૬૫ ગામોનો સમાવેશ કરીને વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ.૮૭.૮૩ કરોડનો ખર્ચ.
- વર્ષ ૨૦૨૬-૨૭થી ૨૦૩૦-૩૧ માટે રૂ.૨ લાખ કરોડની જોગવાઈના આયોજન સાથે જનજાતીય કલ્યાણ યોજના અમલમાં મૂકવાનો નિર્ણય; વર્ષ ૨૦૨૬-૨૭ માટે કુલ રૂ.૩૫,૭૮૨.૦૪ કરોડની જોગવાઈ.

**ત્રીજો દિવસ: જળસંચયની વ્યવસ્થાનું નિરીક્ષણ અને માછીમારો સાથે આજીવિકા અંગે સંવાદ**

**આદિવાસી સમાજના ઉત્થાન માટે સરકારની પ્રતિબદ્ધતા**

ગુજરાત સરકાર આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
રવિવાર, તા.૨૨-૧૧-૨૦૨૬

# અકસ્માતોને નિવારવા સાવરકુંડલા-અમરેલી માર્ગને તાત્કાલિક ફોરલેન બનાવવાની ઉઠી માંગ

**૩૫ કિલોમીટરના માર્ગ પર ભારે વાહનો અને ખાનગી બસોના ધસારાથી અકસ્માતોનું જોખમ વધ્યું**

અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લાના જીવાદોરી સમાન સાવરકુંડલાથી અમરેલી સુધીના આશરે ૩૫ કિલોમીટરના માર્ગને તાત્કાલિક ફોરલેન બનાવવાની લોકમાંગ ઉઠી છે. આ માર્ગ સાવરકુંડલા, મહુવા, ખાંભા, રાજુલા, જાફરાબાદ સહિત ગીર સોમનાથ જિલ્લાના અનેક વિસ્તારોને અમરેલી અને અમદાવાદ સાથે જોડતો મુખ્ય માર્ગ છે. જેના કારણે આ માર્ગ ઉપર દિવસ-રાત વાહનોની ભારે અવરજવર રહે છે. ખાસ કરીને પીપાવાવ અને રાજુલાના ઔદ્યોગિક વિસ્તારોમાંથી પસાર થતા ભારે વાહનો, અસંખ્ય લક્ઝરી બસો તેમજ નાના-મોટા વાહનોના ધસારાથી ટ્રાફિકની સમસ્યા ગંભીર બની રહી છે. સાંકડા માર્ગને કારણે વાહનચાલકોને વારંવાર અકસ્માતનો ભોગ બનવું પડે છે. ત્યારે વધુ અકસ્માતો અટકાવવા અને વાહનચાલકોની સુરક્ષા માટે આ માર્ગને તાત્કાલિક પહોળો કરી ફોરલેન બનાવવામાં આવે તેવી પ્રબળ લોકલાગણી વ્યક્ત થઈ રહી છે.

# લાઠીના ઘરફોડ ચોરીના ગુનામાં એક વર્ષથી ફરાર આરોપી મધ્યપ્રદેશમાંથી ઝડપાયો

અમરેલી,તા.૨૧

લાઠી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ઘરફોડ ચોરીના ગુનામાં છેલ્લા એક વર્ષથી ફરાર લિસ્ટેડ આરોપીને અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની ટીમે મધ્યપ્રદેશમાંથી ઝડપી પાડ્યો છે. આરોપી ધરપકડથી બચવા સતત નાસતો ફરતો હતો. ચોરીના ગુનાઓ ઉકેલવા પોલીસ ટીમો સક્રિય હતી. અમરેલી પોલીસે બાતમી અને ટેકનિકલ માહિતીના આધારે LCBની ટીમે આરોપીને શોધી કાઢ્યો હતો. પકડાયેલ આરોપીની ઓળખ મુકામ ઉર્ફે મુકેશ ડુંગરસિંગ ડાવર (ઉંમર ૨૫) તરીકે થઈ છે. તે મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના જોબટ તાલુકાના બયડા ગામના હોલી ફળિયામાં રહે છે. આરોપીને આગળની કાયદેસરની કાર્યવાહી માટે લાઠી પોલીસને સોંપવામાં આવ્યો છે. આ કામગીરીમાં LCBના PI સી.પી. વાઘેલા, PSI એમ.ડી. ગોહિલ, જે.ડી. વાઘેલા સહિતના પોલીસ કર્મચારીઓ જોડાયા હતા.



# અમરેલીમાં પૂરઝડપે આવતી કારની ટક્કરે બાઈક સવાર પિતા-પુત્રને ઘાયલ

અમરેલી, તા.૨૧

અમરેલીમાં પૂરઝડપે અને બેદરકારીપૂર્વક કાર ચલાવી બાઈકને અડફેટે લેતા પિતા અને પુત્રને ગંભીર ઈજાઓ પહોંચી હોવાની ફરિયાદ નોંધાઈ છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, સાવરકુંડલાની ઈન્દિરા વસાહતમાં રહેતા અને માટીકામ કરતા જયેશભાઈ ભાયાભાઈ ગોંડલીયા (ઉ.વ. ૪૨) તથા તેમના પુત્ર મોટરસાયકલ પર જઈ રહ્યા હતા. આ દરમિયાન ગત તા. ૨૦/૧૧/૨૦૨૬ ના રોજ રાત્રિના ૧૦:૦૦ વાગ્યે સફેદ કલરની ટોયોટા ગ્લાન્ઝા કાર (રજી. નં. GJ 14 BG 8124) ના ચાલકે વાહન પૂરઝડપે અને માનવ જિંદગી જોખમાય તે રીતે ચલાવી બાઈક સાથે જોરદાર ટક્કર મારી હતી.બનાવ અંગે અમરેલી સિટી પોલીસે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધાયો છે.

# ગોઢાવદર કોલેજમાં 'બેટી બચાવો, બેટી પઢાવો' અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો

લીલીયા,તા.૨૧

અમરેલી જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા આરોગ્ય વિભાગના સંકલનથી લીલીયા તાલુકાના ગોઢાવદર ગામની સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે 'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાન અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં PC & PNDT કાયદાની જોગવાઈઓ, ગર્ભમાં લિંગ પરીક્ષણના ગુના અને તેની સજાની માહિતી અપાઈ હતી. ડૉ. નેહા પીપલીયાએ દીકરા-દીકરી વચ્ચેનો ભેદભાવ દૂર કરવા માર્ગદર્શન આપ્યું હતું. સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા મહિલાઓને મળતી સહાય તેમજ વ્હાલી દીકરી અને ગંગા સ્વરૂપા યોજનાની જાણકારી આપવામાં આવી હતી. તાલુકા પંચાયતના ઉપપ્રમુખ વિજય કોગથીયાના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં આરોગ્ય કર્મચારીઓ, આશા વર્કરો અને મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.



# બાબરા શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખપદે નિતાબેન સૂચકની વરણી

બાબરા, તા.૨૧

બાબરા શહેરનાં મહિલા આગેવાન અને ઉડાન લેડીઝ ક્લબ તથા વીરબાઈમાં સત્સંગ મંડળનાં સંચાલક નિતાબેન દીપકભાઈ સૂચકની બાબરા શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખે તેમને જવાબદારી સોંપી છે. તેમની સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિઓની કામગીરીને બિરદાવવામાં આવી રહી છે. વરણીથી લોહાણા સમાજમાં આનંદ છવાયો છે. મંત્રી કૌશિક વેકરિયા, સાંસદ ભરત સુતરીયા, ધારાસભ્ય જનક તળાવિયા સહિત આગેવાનોએ અભિનંદન પાઠવ્યા છે.



# દામનગરના સુવાગઢ રોડ પર વાડીમાં જુગારધામ પર પોલીસે પાડ્યો દરોડો

**રોકડ રૂ. ૬૩,૫૬૦ ના મુદ્દામાલ સાથે સાત જુગારીઓ ઝડપાયા**

અમરેલી,તા.૨૧

લાઠી તાલુકાના દામનગર નજીક સુવાગઢથી જલાલપુર તરફ જવાના કાચા રસ્તે આવેલ વાડીમાં ચાલતા જુગારધામ પર પોલીસે દરોડો પાડી સાત શખ્સોને ઝડપી પાડ્યા છે.મળતી વિગતો મુજબ, દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ધર્મેશભાઈ ચારોલા સહિતના સ્ટાફે ગત તા. ૨૦/૧૧/૨૦૨૬ ના રોજ વહેલી સવારે ૨:૪૫ વાગ્યે વાડીની ઓરડી પાછળ લેમ્પના અંજવાળે તીનપત્તીનો જુગાર રમતા ભોળાભાઈ કમેજાળીયા, રાજેન્દ્ર ઉર્ફે જયુ સિંધવ, સુરેશભાઈ જાગાણી, નયનભાઈ મેર, ભરતભાઈ મેર, જયેશભાઈ વાણીયા તથા વિશાલભાઈ ઉર્ફે ભાણભાઈ રાવને ઝડપી લીધા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા રૂ. ૬૩,૫૬૦/- તથા ગંજીપત્તા કબજે કરી તમામ સાતેય આરોપીઓ વિરુદ્ધ દામનગર પોલીસ સ્ટેશનમાં જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ધારીના છતડીયા-વાઘવડી રોડ પર બાઈક સ્લીપ થતાં વૃધ્ધ ઈજાગ્રસ્ત


**૧૦૮ની મદદથી વૃદ્ધને સિવિલ હોસ્પિટલ ખસેડાયા**

ધારી,તા.૨૧

ધારીના છતડીયા-વાઘવડી રોડ પર રાત્રિના સમયે બાઈક સ્લીપ થતાં એક વૃદ્ધ અકસ્માતનો ભોગ બન્યા હતા. મળતી માહિતી મુજબ, વૃદ્ધ બાઈક લઈને છતડીયા રોડ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે અચાનક સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં બાઈક સ્લીપ થઈ ગયું હતું. આ ઘટનામાં વૃદ્ધને ઈજાઓ પહોંચતાં રસ્તા પરથી પસાર થઈ રહેલા યાત્રાળુઓએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. જાણ થતાં ૧૦૮ની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને ઈજાગ્રસ્ત વૃદ્ધને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાને પગલે આસપાસના લોકો એકત્ર થયા હતા.



તસવીર : સંજય વાળા

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૬૬, E-mail: carcarerushi@rediffmail.com




॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી ૧ ॥ ॥ શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ॥
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
● શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
● નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
● પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - 3, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

## લાઠીના મહે.જયુ.મેજી.ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું.લાઠી

ફો.પ.અ.નં. ૧૭૦/૨૦૨૬
મુદત તા.૦૩/૧૨/૨૦૨૬

અરજદાર :- **રસીદાબેન કાસમભાઈ સેતા**
**રહે.લાઠી તા.લાઠી જી.અમરેલી**
**- //વિરૂધ્ધ//-**
સામાવાળા :- જન્મ- મરણ નોંધણી અધિકારીશ્રી-વ-
શ્રી ચીફ ઓફીસરશ્રી, લાઠી નગરપાલીકા કચેરી,
મુ.લાઠી તા.લાઠી, જી.અમરેલી.
અરજદારના વિ.વકીલશ્રીઃ પી.આર.મેવાડા

### -// જાહેર નોટીસ //-

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર રસીદાબેન કાસમભાઈ સેતા નાઓનો જન્મ તા.૦૧/૦૧/૧૯૬૯ ના રોજ મોજે ગામઃલાઠી તા.લાઠી મુકામે થયેલ અને તેની જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનીયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજ કરેલ છે.જેથી અરજદારની માંગણી મુજબ તેઓની જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો ? તેનું કારણ દર્શાવવા મુદત તા.૦૩/૧૨/૨૦૨૬ ના રોજ કલાક ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે.આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું.જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૨૦' મી, માહે નવેમ્બર, સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યું.

(તેયાર કરનાર) સહી (એમ.ડી.ઘાટલીયા) આસીસ્ટન્ટ | (મુકાબલ કરનાર) સહી (એ.ડી.ગોહીલ) આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી સહી (કે.એમ.સોલંકી) રજીસ્ટ્રાર

## લાઠીના મહે.જયુ.મેજી.ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું.લાઠી

ફો.પ.અ.નં. ૧૮૧/૨૦૨૬
મુદત તા.૦૩/૧૨/૨૦૨૬

અરજદાર :- **જયદાબેન ઉમરભાઈ ગાગદાણી વા/ઓ ઉસ્માનભાઈ હુસેનભાઈ ખોખર**
**રહે.લાઠી તા.લાઠી જી.અમરેલી**
**- //વિરૂધ્ધ//-**
સામાવાળા :- જન્મ- મરણ નોંધણી અધિકારીશ્રી-વ-
શ્રી ચીફ ઓફીસરશ્રી, લાઠી નગરપાલીકા કચેરી,
મુ.લાઠી તા.લાઠી, જી.અમરેલી.
અરજદારનાં વિ.વકીલશ્રીઃ વી.જે.ઓઝા

### -// જાહેર નોટીસ //-

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર જાયદાબેન ઉમરભાઈ ગાગદાણી નાઓનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૬ ના રોજ મોજે ગામઃલાઠી તા.લાઠી મુકામે થયેલ અને તેની જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનીયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજ કરેલ છે.જેથી અરજદારની માંગણી મુજબ તેઓની જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો ? તેનું કારણ દર્શાવવા મુદત તા.૦૩/૧૨/૨૦૨૬ ના રોજ કલાક ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે.આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું.જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૨૦' મી. માહે નવેમ્બર સંમ ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યું.

(તેયાર કરનાર) સહી (એમ.ડી.ઘાટલીયા) આસીસ્ટન્ટ | (મુકાબલ કરનાર) સહી (એ.ડી.ગોહીલ) આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી સહી (કે.એમ.સોલંકી) રજીસ્ટ્રાર

## લાઠીના મહે.જયુ.મેજી.ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું.લાઠી

ફો.પ.અ.નં. ૧૭૧/૨૦૨૬
મુદત તા.૦૩/૧૨/૨૦૨૬

અરજદાર :- **મેમુનાબેન કાસમભાઈ સેતા વા/ઓ નૌશાદભાઈ ઉમરભાઈ માંડલીયા**
**રહે.લાઠી તા.લાઠી જી.અમરેલી**
**- //વિરૂધ્ધ//-**
સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી-વ-
શ્રી ચીફ ઓફીસરશ્રી,લાઠી નગરપાલીકા કચેરી,
મુ.લાઠી તા.લાઠી, જી.અમરેલી.
અરજદારનાં વિ.વકીલશ્રીઃ પી.આર.મેવાડા

### -// જાહેર નોટીસ //-

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર મેમુનાબેન કાસમભાઈ સેતા નાઓનો જન્મ તા.૦૫/૦૪/૧૯૬૭ ના રોજ મોજે ગામઃલાઠી તા.લાઠી મુકામે થયેલ અને તેની જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનીયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજ કરેલ છે.જેથી અરજદારની માંગણી મુજબ તેઓની જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો ? તેનું કારણ દર્શાવવા મુદત તા.૦૩/૧૨/૨૦૨૬ ના રોજ કલાક ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે.આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું, જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૨૦' મી, માહે નવેમ્બર, સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યું.

(તેયાર કરનાર) સહી (એમ.ડી.ઘાટલીયા) આસીસ્ટન્ટ | (મુકાબલ કરનાર) સહી (એ.ડી.ગોહીલ) આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી સહી (કે.એમ.સોલંકી) રજીસ્ટ્રાર

## મહે. ખાંભાના જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મું. ખાંભા

ફો.પ.અ.નં. ૧૭૫/૨૦૨૬
મુદત તા. ૨૪/૧૨/૨૦૨૬

અરજદાર : દક્ષાબેન લાભુભાઈ સોડવડીયા તે વા/ઓ ગૌતમભાઈ
ગાજીપરા રહે.સુરત તા.જિ.સુરત

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી અધિકારીશ્રી/ત.ક.મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, અનીડા ગ્રામ પંચાયત, તા. ખાંભા, જિ. અમરેલી
અરજદારના વિ.વકીલશ્રી : પી.એલ.ઢોલરીયા

### જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર દક્ષાબેન લાભુભાઈ સોડવડીયા નો જન્મ તા.૦૧/૦૨/૧૯૮૫ ના રોજ મોજે ગામઃ અનીડા, તા.ખાંભા મુકામે થયેલ અને તેની જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનીયમની કલમ- ૧૩(૩) મુજબ હાલની અરજ કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબ તેઓની જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવા મુદત તા. ૨૪/૧૨/૨૦૨૬ ના રોજ કલાક ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે. આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું, જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૧૮.'મી, માહે નવેમ્બર, સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યું.

તેયાર કરનાર સહી (બી.કે.ભુવા) આસીસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી (કે.પી. રામોલિયા) આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી, સહી (પી.કે.હઠીનારાયણ) રજીસ્ટ્રાર

# ગોખરવાળા પાસે શેત્રુંજી નદીમાં ધોળા દિવસે બેફામ રેતીચોરીના આક્ષેપ

અમરેલી,તા.૨૧

અમરેલી તાલુકાના ગોખરવાળા ગામ નજીકથી પસાર થતી શેત્રુંજી નદીના પટમાં કથિત ગેરકાયદેસર રેતીચોરીનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. સ્થાનિકો દ્વારા કરવામાં આવેલા આક્ષેપ મુજબ નદીના પટમાંથી ધોળા દિવસે જેસીબી મશીનોની મદદથી મોટા પાયે રેતીનું ખનન અને પરિવહન કરવામાં આવી રહ્યું છે. આ પ્રવૃત્તિમાં સરકારી નિયમો અને કાયદાની ખુલ્લેઆમ અવગણના થતી હોવાની ફરિયાદો ઊઠી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ શેત્રુંજી નદીના પટમાં રેતી ખનન માટે જેસીબી મશીનોનો ઉપયોગ કરવામાં આવે છે અને ત્યારબાદ ડમ્પર તથા ટ્રેક્ટરો મારફતે રેતીનું પરિવહન કરવામાં આવે છે. આ પ્રવૃત્તિ દિવસના અજવાળામાં થતી હોવા છતાં ખાણ-ખનીજ વિભાગ અને પોલીસ તંત્ર દ્વારા અસરકારક કાર્યવાહી થતી ન હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.



પરિણામે ખનીજ માફિયાઓને જાણે કાયદાનો કોઈ ડર જ ન રહ્યો હોય તેવી સ્થિતિ સર્જાઈ હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે. રેતીચોરીમાં સંડોવાયેલા હોવાનું કહેવાતા ડમ્પર અને ટ્રેક્ટરો જાહેર માર્ગો પર પૂરપાટ ઝડપે અને બેફામ રીતે દોડતા હોવાની ફરિયાદો પણ સામે આવી છે. ખાસ કરીને કેટલાંક વાહનોમાં નંબર પ્લેટ ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. નંબર પ્લેટ વગરનાં વાહનોને કારણે કોઈ અકસ્માત સર્જાય તો વાહનચાલક કે માલિકની ઓળખ કરવી મુશ્કેલ બની શકે છે. ગ્રામજનોની માંગ છે કે શેત્રુંજી નદીના પટમાં ચાલતી હોવાની ફરિયાદો અંગે ખાણ-ખનીજ વિભાગ દ્વારા સ્થળ તપાસ કરવામાં આવે, ગેરકાયદેસર ખનન થતું હોવાનું જણાય તો જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે અને રેતી ભરેલા વાહનોની હેરફેર પર નજર રાખવામાં આવે. સાથે જ નંબર પ્લેટ વગરનાં વાહનો સામે આરટીઓ અને પોલીસ વિભાગ દ્વારા વિશેષ ચેકિંગ હાથ ધરવામાં આવે તેવી માંગ પણ ઊઠી છે.

### ખાણ-ખનીજ વિભાગ અને પોલીસની કામગીરી સામે સવાલો

આ સમગ્ર મામલે સ્થાનિકોમાં અનેક સવાલો ચર્ચાઈ રહ્યા છે. જો નદીના પટમાં ગેરકાયદેસર ખનન થતું હોય તો ખાણ-ખનીજ વિભાગ દ્વારા અત્યાર સુધીમાં તપાસ કેમ કરવામાં આવી નથી? નંબર પ્લેટ વગરનાં ડમ્પર અને ટ્રેક્ટરો જાહેર માર્ગો પર ફરતા હોવા છતાં આરટીઓ અને પોલીસ વિભાગ દ્વારા વાહનો સામે કાર્યવાહી કેમ થતી નથી? શું તંત્ર કોઈ મોટી દુર્ઘટના સર્જાય તેની રાહ જોઈ રહ્યું છે? આવા સવાલો સાથે જવાબદાર અધિકારીઓની કામગીરી સામે નારાજગી વ્યક્ત થઈ રહી છે. ગોખરવાળા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોના જાગૃત નાગરિકોમાં આ મુદ્દે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોની માંગ છે કે શેત્રુંજી નદીના પટમાં ચાલતી હોવાની ફરિયાદો અંગે ખાણ-ખનીજ વિભાગ દ્વારા સ્થળ તપાસ કરવામાં આવે, ગેરકાયદેસર ખનન થતું હોવાનું જણાય તો જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે .

## લીલીયા અને રાજુલામાં નશાની હાલતમાં વાહન ચલાવતા બે શખ્સો પોલીસના હાથે ઝડપાયા

અમરેલી,તા.૨૧

**પોલીસે પ્રોહિબિશન અને એમ. વી. એક્ટ હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી**

અમરેલી જિલ્લાના લીલીયા અને રાજુલા પંથકમાં નશાની હાલતમાં વાહન ચલાવતા બે શખ્સોને પોલીસે ઝડપી પાડ્યા છે.પ્રથમ બનાવમાં, ગત તા. ૨૦/૧૧/૨૦૨૬ ના રોજ બપોરે ૩:૪૫ વાગ્યે લીલીયા મોટાના સનાળીયા રોડ પર રેલવે ફાટક પાસેથી સાગરભાઈ તુલશીભાઈ ડાભી (ઉ.વ.૩૩) ને કેફી પીણું પીધેલી હાલતમાં અને ડ્રાઈવિંગ લાઈસન્સ વગર મોટરસાઈકલ (નં. GJ-૧૪-BF-૮૫૪૩) ચલાવતા લીલીયા પોલીસે ઝડપી લીધો હતો.જ્યારે બીજા બનાવમાં, તા. ૨૦/૧૧/૨૦૨૬ ના રોજ સાંજે ૬:૧૫ વાગ્યે રાજુલાના આગરીયા જકાતનાકા પાસેથી આરીફભાઈ દાદુભાઈ સેલોત (ઉ.વ.૩૧) ને નશાની હાલતમાં વાહન (નં. GJ-૦૬-LL-૭૬૪૦) ચલાવતા રાજુલા પોલીસે પકડી પાડ્યો હતો. બંને બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ખાંભાના તાતણીયા ગામની પરિણીતાના ફોટા વાયરલ કરવાની ધમકી આપી દુષ્કર્મ

**પોલીસની બીક બતાવી રાજુલાના શખ્સે વારંવાર બળજબરી કરતા અંતે પોલીસ ફરિયાદ**

અમરેલી,તા.૨૧

ખાંભા તાલુકાના તાતણીયા ગામે રહેતી ૩૯ વર્ષીય પરિણીતાને ફોટા વાયરલ કરવાની તથા પોલીસ કેસમાં ફસાવી દેવાની ધમકી આપી વારંવાર દુષ્કર્મ ગુજાર્યાની ચોંકાવનારી ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે.પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, તાતણીયા ગામે મજૂરી કામ કરતી મહિલાનો પરિચય ત્રણેક વર્ષ પહેલાં રાજુલા તાલુકાના વાવેરા ગામના વિક્રમભાઈ વીહાભાઈ સાંખટ સાથે થયો હતો. ગત તા. ૧૮/૦૨/૨૦૨૪ ના રોજ સમૂહલગ્નમાં જવાનું કહી આરોપીએ પરિણીતાને પોતાના ઘરે બોલાવી હતી. જ્યાં વહેલી સવારે શારીરિક અડપલાં કરી ફોટા પાડી લીધા હતા અને તે ફોટા વાયરલ કરવાની ધમકી આપી હતી.ત્યારબાદ આશરે એક વર્ષ પહેલાં રાત્રિના સમયે આરોપીએ પરિણીતાના પિયર તાતણીયા ખાતે આવી 'બહાર પોલીસ ઉભી છે અને રેડ પાડવા આવ્યા છીએ' તેવો ડર બતાવી ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કર્યો હતો. આરોપીએ પરિણીતાનું મોઢું દબાવી, તેના પુત્રને મારી નાખવાની ધમકી આપી બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું. ત્યારબાદ પણ ફોન પર 'દવા પીને મરી જઈશ' તેવી ધમકી આપી અવારનવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. છેલ્લા ત્રણ મહિનાથી પરિણીતાએ વાતચીત બંધ કરતા આરોપીએ સમાજમાં તથા પરિણીતાના નાના ભાઈ ખોડુભાઈને ફોન કરી ચારિત્ર્ય અંગે ખોટી વાતો કરી બદનામી કરતા અંતે આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

### અવસાન નોંધ

**ધોરાજી**

ધોરાજી સમસ્ત સિંધી સમાજના પૂર્વ પ્રમુખ તેમજ જિલ્લા ભાજપના અગ્રણી દિલીપભાઈ તેજુમલ હોતવાણીના ભાઈનું અવસાન આવતીકાલે રવિવારે ગાંધી વાડીમાં બેસણુસ્વ. ભગવાનદાસ તેજુમલ હોતવાણી (ઉંમર વર્ષ ૬૫) તે ધોરાજી સમસ્ત સિંધી સમાજના પૂર્વ પ્રમુખ તેમજ જિલ્લા ભાજપના અગ્રણી દિલીપભાઈ હોતવાણી તેમજ વેપારી અશોકભાઈ હોંતવાણીના ભાઈ તથા નિલેશભાઈ તેમજ રવિભાઈના પિતાશ્રીનું આજરોજ તારીખ ૨૧ ને શનિવારના રોજ અવસાન પામેલ છે. સદગતનું બેસણું તારીખ ૨૨ ને રવિવારના રોજ સાંજે ૪ થી ૬ ગાંધી વાડી સ્ટેશન પ્લોટ ધોરાજી ખાતે રાખેલ છે.

## અમરેલીમાં જાહેરનામાના ભંગ બદલ વાહન ચાલક સામે ગુનો નોંધાયો

**પ્રતિબંધિત સમય દરમિયાન શહેરમાં ભારે વાહન પ્રવેશ કરાવતા ટ્રાફિક પોલીસે કાર્યવાહી કરી**

અમરેલી,તા.૨૧

અમરેલી શહેરમાં જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરી ભારે વાહન ચલાવવા બદલ એક શખ્સ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.મળતી વિગતો મુજબ, જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા સવારના ૬:૦૦ થી રાત્રિના ૧૦:૦૦ વાગ્યા દરમિયાન અમરેલી શહેરમાં ૭ કે તેથી વધુ વ્હીલવાળા ભારે વાહનોના પ્રવેશ અને અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેમ છતાં, ગત તા. ૨૦/૧૧/૨૦૨૬ના રોજ સવારે ૧૧:૩૫ કલાકે કુંભારવાડા વિસ્તારમાં રહેતા ચાલક ઈમરાનભાઈ જમાલભાઈ ઘોઘારી (ઉ.વ.૩૦) એ પ્રતિબંધિત સમયમાં શહેરમાં ભારે વાહન પ્રવેશ કરાવ્યું હતું. આ અંગે ટ્રાફિક શાખાના પોલીસ કોન્સ્ટેબલ પૃથ્વીરાજસિંહ પરમારની ફરિયાદ પરથી અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો છે.

## અમરેલી જિલ્લામાં દેશી દારૂના મુદ્દામાલ સાથે ૭ ઝડપાયા

**મરીન પીપાવાવ, જાફરાબાદ, સાવરકુંડલા અને ડુંગર પંથકમાં પોલીસે દરોડા પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી**

અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લા પોલીસે ગેરકાયદેસર દેશી દારૂના વેચાણ અને હેરફેર પર અંકુશ મેળવવા ગત તા. ૨૦/૧૧/૨૦૨૬ ના રોજ વિવિધ વિસ્તારોમાં દરોડા પાડી કુલ ૭ આરોપીઓને દેશી દારૂના જથ્થા સાથે ઝડપી પાડ્યા છે.જેમાં મરીન પીપાવાવ પોલીસે રામપરા-૦૨ ગામેથી શિયાળબેટના ધીરૂભાઈ બાંભણીયાને ૧ લિટર તથા ભેરાઈ ગામ પાસેથી સુમારભાઈ શિયાળને ૧ લિટર દેશી દારૂ સાથે પકડી પાડ્યા હતા. જ્યારે જાફરાબાદ મરીન પોલીસે સામાકાંઠા વિસ્તારમાંથી જીતેનભાઈ ઉર્ફે ભૂતડાવાળા બાંભણીયાને ૩ લિટર અને ડુંગર પોલીસે દેવકા બ્રિજ ઉપરથી વિક્ટરના અલ્પેશભાઈ વાજાને ૩ લિટર દેશી દારૂ સાથે ઝડપી લીધા હતા.આ ઉપરાંત, સાવરકુંડલા રૂરલ અને ટાઉન પોલીસે ખડકાળામાંથી ચંદુભાઈ જાદવ (૨ લિટર), મોટા જીંજુડામાંથી ઘનશ્યામભાઈ ઉનાવા (૫ લિટર) અને હાથસણી રોડ પરથી કિંજલબેન ચંદુભાઈ વાઘેલાને ૪ લિટર દેશી દારૂ સાથે ઝડપી પાડી હતી.












**મહે. ખાંભાના જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મું. ખાંભા**

ફો.પ.અ.નં. ૧૭૮/૨૦૨૬
મુદત તા. ૩૧/૧૨/૨૦૨૬

અરજદાર : ભાનુબેન દેહાભાઈ બાંભણીયા તે વા/ઓ મોહનભાઈ સોલંકી
રહે.નાગેશ્રી તા.જાફરાબાદ જિ.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ- મરણ નોંધણી અધિકારીશ્રી/ત.ક.મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, પીપળવા ગ્રામ પંચાયત, તા. ખાંભા, જિ. અમરેલી

અરજદારના વિ.વકીલશ્રી : કે.યુ.મોભ

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર ભાનુબેન દેહાભાઈ બાંભણીયા નો જન્મ તા.૦૧/૦૧/૧૯૮૧ ના રોજ મોજે ગામઃ પીપળવા, તા.ખાંભા મુકામે થયેલ અને તેની જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનીયમની કલમ- ૧૩(૩) મુજબ હાલની અરજ કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબ તેઓની જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવા મુદત તા. ૩૧/૧૨/૨૦૨૬ ના રોજ કલાક ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે. આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૧૯.'મી, માહે નવેમ્બર, સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યું.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમથી, |
|---|---|---|---|
| સહી | સહી | | સહી |
| (બી.કે.ભુવા) | (કે.પી. રામોલિયા) | | (પી.કે.હઠીનારાયણ) |
| આસીસ્ટન્ટ | આસીસ્ટન્ટ | | રજીસ્ટ્રાર |






**મહે. ખાંભાના જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મું. ખાંભા**

ફો.પ.અ.નં. ૧૭૪/૨૦૨૬
મુદત તા. ૨૪/૧૨/૨૦૨૬

અરજદાર : પ્રશાંતભાઈ પોપટભાઈ આંબલીયા
રહે.સુરત તા.જિ.સુરત

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ- મરણ નોંધણી અધિકારીશ્રી/ત.ક.મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, રાણીંગપરા-રેડાણ જૂથ ગ્રામ પંચાયત, તા. ખાંભા, જિ. અમરેલી

અરજદારના વિ.વકીલશ્રી : કે.યુ.મોભ

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર પ્રશાંત પોપટભાઈ આંબલીયા નો જન્મ તા.૦૧/૦૬/૧૯૯૩ ના રોજ મોજે ગામઃ રાણીંગપરા, તા.ખાંભા મુકામે થયેલ અને તેની જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનીયમની કલમ- ૧૩(૩) મુજબ હાલની અરજ કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબ તેઓની જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવા મુદત તા. ૨૪/૧૨/૨૦૨૬ ના રોજ કલાક ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે. આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૧૭.'મી, માહે નવેમ્બર, સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યું.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમથી, |
|---|---|---|---|
| સહી | સહી | | સહી |
| (બી.કે.ભુવા) | (કે.પી. રામોલિયા) | | (પી.કે.હઠીનારાયણ) |
| આસીસ્ટન્ટ | આસીસ્ટન્ટ | | રજીસ્ટ્રાર |

# માય ભારત અમરેલી દ્વારા શાંતાબા મેડિકલ કોલેજ ખાતે જિલ્લા કક્ષાની યુથ પાર્લામેન્ટનું સફળ આયોજન

અમરેલી,તા.૨૧



ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય અંતર્ગત કાર્યરત 'માય ભારત અમરેલી' કચેરી દ્વારા શાંતાબા મેડિકલ કોલેજ ખાતે 'જિલ્લા કક્ષા યુથ પાર્લામેન્ટ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 'નશામુક્ત ભારત' અને 'વન નેશન વન ઈલેક્શન' વિષયો પર યોજાયેલી વકૃત્વ સ્પર્ધામાં એમ.બી.બી.એસ.ના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. દીપ પ્રાગટ્ય બાદ ડીન ડો. અશોક રામાનુજના હસ્તે જિલ્લા યુવા અધિકારી રાકેશ બિશ્નોઈનું સન્માન કરાયું હતું, જેમણે યુવાઓને નશામુક્તિ અને સામાજિક જવાબદારી માટે આહવાન કર્યું હતું. ઓફિસ આસિસ્ટન્ટ પ્રવીણ જેઠવાએ વિકસિત ભારતમાં યુવાઓની ભૂમિકા અંગે માર્ગદર્શન આપ્યું હતું. એડિશનલ ડીન ડો. જયેશ કથીરિયા સહિતના નિર્ણાયકોની પેનલે અવની સોલંકી (પ્રથમ), ધ્રુવ ઢોલરીયા (દ્વિતીય) અને અમીશા પટેલિયા (તૃતીય)ને વિજેતા જાહેર કરી મોમેન્ટોથી બિરદાવ્યા હતા. આ પ્રસંગે કોલેજને સ્પોર્ટ્સ કીટ અને તમામ સ્પર્ધકોને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

# સાવરકુંડલામાં સંત મહાત્મા મૂળદાસજીની ૩૫૨મી જન્મજયંતીની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરાઈ

સાવરકુંડલા,તા.૨૧



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા શહેરની લુહાર જ્ઞાતિ સમાજવાડી ખાતે મૂળદાસ યુવક મંડળ દ્વારા લુહાર જ્ઞાતિના કુલભૂષણ સંત મહાત્મા મૂળદાસજીની ૩૫૨મી જન્મજયંતીનો મહોત્સવ હર્ષોલ્લાસ અને ભક્તિભાવ સાથે ઉજવવામાં આવ્યો હતો. આ પાવન પ્રસંગે સવારે ૯:૩૦ કલાકે સંત મૂળદાસ બાપાનું પૂજન, ધ્વજારોહણ અને આરતી કરવામાં આવી હતી. વનમાળીભાઈ દુર્લભજીભાઈ મકવાણા પરિવાર તરફથી દક્ષાબેન જીતેન્દ્રભાઈ મકવાણાએ પૂજન-અર્ચન કરી ધન્યતા અનુભવી હતી. આ ઉપરાંત શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નિમિત્તે સ્વ. ભીખાભાઈ ગોરધનભાઈ ડોડિયા પરિવારના મહેશભાઈ ભીખાભાઈ ડોડિયા તરફથી મહાપ્રસાદના ભોજન માટે રૂ. ૫૧ હજારનું અનુદાન અર્પણ કરવામાં આવ્યું હતું. જન્મજયંતીના આ ધાર્મિક પ્રસંગે સાવરકુંડલા શહેર તેમજ તાલુકામાંથી મોટી સંખ્યામાં લુહાર જ્ઞાતિના પરિવારોએ ઉપસ્થિત રહી સંત બાપાના દર્શન, પૂજન અને અર્ચનનો લાભ લીધો હતો.

# અમરેલી જિલ્લામાં GSOS ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાની તૈયારીઓ શરૂ

અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લામાં ધોરણ ૧૦ અને ૧૨ની GSOS બોર્ડ પરીક્ષાના સુચારુ આયોજન માટે જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. જિલ્લા શિક્ષણાધિકારી ડી.એમ. ગોહિલે જણાવ્યું હતું કે, ધોરણ ૧૦ની પરીક્ષા તા. ૩૦ નવેમ્બરથી ૮ ડિસેમ્બર, ૨૦૨૬ દરમિયાન અમરેલીની સી.વી. ગજેરા યુનિટ-૩, ટી.પી. એન્ડ એમ.ટી. ગાંધી મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલ અને પાઠક સ્કૂલ ખાતે યોજાશે. જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા બી.એન. વિરાણી સેકન્ડરી સ્કૂલ ખાતે યોજાશે. કલેક્ટરે ચારેય કેન્દ્રો પર પોલીસ બંદોબસ્ત, વીજળી અને એસ.ટી. બસની નિયમિત સુવિધા જાળવવા સંબંધિત વિભાગોને સૂચનાઓ આપી હતી. બેઠકમાં સંબંધિત અધિકારીઓ અને કેન્દ્ર સંચાલકો ઉપસ્થિત રહ્યા હતા.

**૩૦ નવેમ્બરથી ૮ ડિસેમ્બર દરમિયાન ચાર પરીક્ષા કેન્દ્રો પર યોજાશે પરીક્ષા, કલેક્ટરના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ**

# ધારી તાલુકાની ચાર પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન સંચાલકોની ભરતી

અમરેલી,તા.૨૧

ધારી તાલુકામાં પી.એમ. પોષણ (મધ્યાહન ભોજન) યોજના અંતર્ગત ચાર પ્રાથમિક શાળાઓમાં સંચાલકોની જરૂરિયાત ઊભી થઈ છે. જેમાં ડાભાળી પ્રાથમિક શાળા કેન્દ્ર નં. ૪૪ અને નવી વસાહત પ્રાથમિક શાળા કેન્દ્ર નં. ૫૭માં પ્રથમ પ્રયત્ન, જ્યારે હરીપરા પ્રાથમિક શાળા કેન્દ્ર નં. ૬૨ અને ગીગાસણ પ્રાથમિક શાળા કેન્દ્ર નં. ૨૩માં દ્વિતીય પ્રયત્ન માટે જગ્યાઓ ખાલી છે. પસંદગી પામેલા સંચાલકોને માનદ વેતન ચૂકવવામાં આવશે. અરજીની છેલ્લી તારીખે ઉમેદવારની ઉંમર ઓછામાં ઓછી ૨૦ વર્ષ હોવી જરૂરી છે. શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૦ પાસ હોવી જોઈએ. લાયક ઉમેદવાર ન મળે તો ધોરણ ૭ પાસ ઉમેદવારની નિમણૂક કરી શકાશે.

# સાવરકુંડલામાં કારિયા પરિવારના ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં ભાવિકો ઉમટ્યા

**મોમાઈ માતાજીના મઠ ખાતે ભક્તિમય માહોલ, ૨૩ નવેમ્બરે બપોરે ૨:૩૦ કલાકે પૂર્ણાહુતિ**

સાવરકુંડલા,તા.૨૧

શહેરના મોમાઈ માતાજીના મઠ ખાતે કારિયા પરિવાર દ્વારા સ્વ. મોતીબેન ભુવનભાઈ કારિયા અને સ્વ. મણિબેન માણેકલાલ કારિયાની સ્મૃતિમાં ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૭ નવેમ્બરથી શરૂ થયેલા આ ધાર્મિક આયોજનમાં દરરોજ સંગીતમય શૈલીમાં ભાગવત કથાનું રસપાન કરાવવામાં આવી રહ્યું છે. મુખ્ય યજમાન તરીકે નીતાબેન મનોજભાઈ કારિયા સેવા આપી રહ્યા છે. કથા શ્રવણ કરવા સાવરકુંડલા શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી રહ્યા છે. સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું છે. આગામી તા. ૨૩ નવેમ્બર, ૨૦૨૬ના રોજ બપોરે ૨:૩૦ કલાકે જ્ઞાનયજ્ઞની પૂર્ણાહુતિ થશે તેમ યુવા અગ્રણી અલ્પેશભાઈ કારિયાની યાદીમાં જણાવાયું છે.

# અમરેલીના લાલાવદર ગામે પત્ની સાથેની બોલાચાલીના મનદુઃખમાં બનેવી પર સાળા સહિત પાંચ શખ્સોનો હુમલો

**શેત્રુંજી નદીના પુલ પાસે બોલાવી લોખંડના પાઇપ અને ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી અપાઈ**

અમરેલી,તા.૨૧

અમરેલી તાલુકાના લાલાવદર ગામે પત્ની સાથે થતી બોલાચાલીનું મનદુઃખ રાખી સાળા સહિત પાંચ શખ્સોએ બનેવીને બોલાવી લોખંડના પાઇપ વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે.મળતી વિગતો મુજબ, અમરેલી તાલુકાના લાલાવદર ગામે રહેતા અને ડ્રાઇવિંગ કરતા દિનેશભાઈ શંભુભાઈ મોરવાડીયા (ઉ.વ.૪૬)ને પોતાની પત્ની સાથે બોલાચાલી થતી હતી. આ બાબતનો ખાર રાખી સાવરકુંડલાના ખડકાળા ગામે રહેતા તેમના સાળા કાંતિભાઈ નનુભાઈ વાઘેલાએ દિનેશભાઈને શેત્રુંજી નદીના પુલ પાસે બોલાવ્યા હતા. અહીં કાંતિભાઈએ અપશબ્દો બોલી કપાળના ભાગે લોખંડના પાઇપનો ઘા ઝીંક્યો હતો, જ્યારે કમલેશભાઈ નનુભાઈ વાઘેલાએ ઢીકાપાટુનો માર માર્યો હતો. ત્યારબાદ અન્ય ત્રણ અજાણ્યા શખ્સોએ પણ આવીને મૂઢમાર માર્યો હતો અને કાંતિભાઈએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે પોલીસે હથિયારબંધી જાહેરનામાના ભંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# બાબરાના કોટડાપીઠાના આધેડને કોર્ટ કેસ પરત ખેંચવા મામલે જાનથી મારી નાખવાની ધમકી

**અગાઉ થયેલી છેતરપિંડીના કેસની અદાવતમાં બે શખ્સોએ પૈસા આપવાનો ઇનકાર કરી ધમકી આપતા ફરિયાદ નોંધાઈ**

અમરેલી,તા.૨૧

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે રહેતા આધેડને અગાઉ થયેલી છેતરપિંડીના કોર્ટ કેસની અદાવતમાં જાનથી મારી નાખવાની ધમકી મળી હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે.પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ, કોટડાપીઠામાં દેના બેંકની બાજુમાં રહેતા અને ડ્રાઇવિંગનો વ્યવસાય કરતા પારસભાઈ ત્રિભુવનભાઈ બગથળીયા (ઉ.વ. ૫૧) સાથે અગાઉ સોનું અને રોકડ રકમની છેતરપિંડી થઈ હતી, જેનો કેસ હાલ બાબરા કોર્ટમાં ચાલી રહ્યો છે.આ કેસની અદાવત રાખી ગત તા. ૨૦/૧૧/૨૦૨૬ના રોજ રાત્રિના ૮:૩૦ વાગ્યે વિસાવદર તાલુકાના રામપરાના બીજલભાઈ ઉર્ફે રાજવીર ઉર્ફે ધર્મેન્દ્ર આલસુરભાઈ ભડા તથા હાલ સુરત અને મૂળ જેતપુરના બિપીનભાઈ ઉર્ફે સીતારામ પરશોત્તમભાઈ ગોહેલે પારસભાઈને 'પૈસા આપવાના નથી અને કેસ પૂરો થાય તે પહેલાં તને પૂરો કરી નાખીશું' તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે પોલીસે બંને શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સૌરાષ્ટ્ર યાર્ડના ભાવ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૭૫૦ | ૧૯૦૦ |
| ઘઉં લોકવન | ૫૮૪ | ૬૪૦ |
| ઘઉં ટુકડા | ૫૮૮ | ૮૩૨ |
| જુવાર સફેદ | ૧૨૦૦ | ૧૯૭૦ |
| જુવાર પીળી | ૩૫૦ | ૬૦૦ |
| બાજરી | ૪૫૦ | ૬૧૧ |
| મકાઇ | ૩૫૦ | ૫૦૦ |
| તુવેર | ૧૨૭૫ | ૨૦૭૬ |
| ચણા પીળા | ૧૪૬૦ | ૧૫૧૫ |
| ચણા સફેદ | ૧૬૭૫ | ૨૪૦૦ |
| અડદ | ૧૫૦૦ | ૧૯૮૮ |
| મગ | ૧૪૫૫ | ૧૮૧૯ |
| ચોળી | ૧૧૦૦ | ૨૦૫૬ |
| મઠ | ૧૮૧૦ | ૨૪૮૧ |
| વટાણા | ૪૫૦ | ૧૦૩૬ |
| કળથી | ૬૦૩ | ૧૫૨૬ |
| રાયમા | ૧૭૦૦ | ૨૩૭૫ |
| સીંગદાણા | ૧૯૧૦ | ૨૩૫૨ |
| મગફળી જાડી | ૧૨૧૧ | ૧૭૫૧ |
| મગફળી જીણી | ૧૨૪૫ | ૧૮૨૧ |
| તલી | ૨૯૫૦ | ૩૪૩૪ |
| એરંડા | ૧૪૭૮ | ૧૫૫૦ |
| સોયાબીન | ૧૩૬૫ | ૧૫૬૦ |
| સીંગફાડા | ૧૬૫૦ | ૧૯૯૧ |
| કાળા તલ | ૨૭૦૦ | ૪૨૫૦ |
| લસણ | ૧૭૬૧ | ૨૫૮૦ |
| ધાણા | ૨૮૦૦ | ૩૦૫૦ |
| મરચા સુકા | ૩૦૦૦ | ૫૦૦૫ |
| ધાણી | ૩૦૦૦ | ૩૨૯૦ |
| વરીયાળી | ૨૪૪૦ | ૩૦૦૦ |
| જીરૂ | ૪૮૨૦ | ૫૨૪૩ |
| રાય | ૧૬૦૦ | ૧૬૬૫ |
| મેથી | ૧૦૪૦ | ૨૧૫૦ |
| ઇસબગુલ | ૨૦૫૦ | ૨૮૭૬ |
| અજમો | ૧૫૫૨ | ૧૫૫૨ |
| કલોંજી | ૪૬૦૧ | ૫૨૫૬ |
| રાયડો | ૧૬૦૦ | ૧૭૮૮ |
| રજકાનું બી | ૬૮૦૦ | ૭૮૦૦ |
| ગુવારનું બી | ૧૪૦૦ | ૧૬૦૦ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૬૫૭ | ૧૩૧૮ |
| પપૈયા | ૧૬૨ | ૩૬૮ |
| બટેટા | ૬૬ | ૩૧૧ |
| ડુંગળી સુકી | ૨૭૦ | ૭૪૧ |
| ટમેટા | ૨૪૩ | ૪૪૬ |
| સુરણ | ૪૧૩ | ૬૧૦ |
| કોથમરી | ૫૬૫ | ૮૦૫ |
| મુળા | ૩૧૨ | ૫૦૨ |
| રીંગણા | ૨૬૧ | ૫૮૨ |
| કોબીજ | ૨૩ | ૫૮ |
| ફ્લાવર | ૨૮૩ | ૪૬૩ |
| ભીંડો | ૬૧૮ | ૬૭૭ |
| ગુવાર | ૮૧૪ | ૧૨૨૫ |
| ચોળાસીંગ | ૭૮૬ | ૬૮૩ |
| વાલોળ | ૪૦૬ | ૭૬૦ |
| ટીંડોળા | ૧૧૫ | ૩૮૬ |
| દુધી | ૨૬૫ | ૪૬૭ |
| કારેલા | ૨૦૬ | ૩૧૫ |
| સરગવો | ૫૪૪ | ૬૪૩ |
| તુરીયા | ૬૧૮ | ૮૨૧ |
| પરવર | ૫૧૧ | ૬૬૨ |
| કાકડી | ૫૧૮ | ૭૬૮ |
| ગાજર | ૩૨૨ | ૬૧૦ |
| વટાણા | ૮૧૫ | ૧૨૨૧ |
| તુવેરસીંગ | ૪૧૮ | ૬૨૧ |
| ગલકા | ૩૬૭ | ૬૧૨ |
| બીટ | ૧૧૮ | ૩૮૮ |
| મેથી | ૨૧૬ | ૩૭૬ |
| વાલ | ૮૨૫ | ૧૧૮૬ |
| ડુંગળી લીલી | ૨૫૮ | ૪૧૨ |
| આદુ | ૬૮૬ | ૧૩૮૬ |
| મરચા લીલા | ૨૧૨ | ૫૧૪ |
| હળદર લીલી | ૪૧૮ | ૬૧૧ |
| લસણ લીલું | ૨૦૨૮ | ૩૪૮૦ |
| મકાઇ લીલી | ૨૦૬ | ૩૪૩ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૭૦૧ | ૧૮૦૧ |
| ઘઉં લોકવન | ૫૭૬ | ૬૭૦ |
| ઘઉં ટુકડા | ૫૬૧ | ૭૩૦ |
| સિંગ ફાડીયા | ૯૦૦ | ૨૧૫૧ |
| એરંડા/એરંડી | ૧૫૯૬ | ૧૬૦૬ |
| તલ કાળા | ૨૮૫૧ | ૪૦૫૧ |
| જીરૂ | ૨૦૦૦ | ૫૨૬૧ |
| ક્લંજી | ૨૪૦૧ | ૫૧૫૧ |
| ધાણા | ૨૮૦૦ | ૩૨૫૧ |
| લસણ સુકું | ૧૦૨૧ | ૨૪૭૧ |
| અડદ | ૬૦૦ | ૨૦૦૧ |
| તુવેર | ૫૫૧ | ૧૯૬૧ |
| રાયડો | ૬૫૧ | ૬૫૧ |
| મેથી | ૧૪૫૧ | ૧૭૫૧ |
| કાંગ | ૧૧૨૧ | ૧૧૨૧ |
| સુરજમુખી | ૧૨૦૧ | ૧૨૦૧ |
| સફેદ ચણા | ૧૨૫૧ | ૨૪૦૧ |
| તલ - તલી | ૨૪૦૧ | ૩૩૪૧ |
| ઇસબગુલ | ૨૩૪૧ | ૨૩૪૧ |
| ધાણી | ૨૮૫૧ | ૩૨૭૧ |
| બાજરો | ૨૫૧ | ૫૭૧ |
| જુવાર | ૫૦૦ | ૧૨૦૦ |
| મકાઇ | ૫૭૧ | ૫૭૧ |
| મગ | ૧૩૦૧ | ૧૭૯૧ |
| ચણા | ૧૧૯૧ | ૧૫૧૬ |
| વાલ | ૧૩૭૬ | ૧૬૯૧ |
| સોયાબીન | ૧૨૫૧ | ૧૫૭૬ |
| ગોગળી | ૧૨૦૦ | ૧૪૬૧ |
| વટાણા | ૪૦૧ | ૬૯૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૫૦૦ |
| મરચા | ૧૬૦ | ૧૫૦૦ |
| ગુવાર | ૧૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૨૦ | ૧૪૦ |
| દુધી | ૧૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૨૦ | ૨૪૦ |
| કાકડી | ૨૦૦ | ૧૦૪૦ |
| રીંગણા | ૧૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૧૮૦ | ૧૦૦૦ |
| ગલકા | ૧૮૦ | ૮૦૦ |
| ગાજર | ૨૦૦ | ૧૦૦૦ |
| ટિંડોરા | ૧૦૦ | ૫૦૦ |
| તુવેર | ૨૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૨૦૦ | ૧૩૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૬૦૦ |
| કેરી કાચી | ૧૨૦૦ | ૨૪૦૦ |
| બટેટા | ૧૪૦ | ૨૬૦ |
| અંબાળા | ૬૦૦ | ૮૦૦ |
| લીલી હળદર | ૨૦૦ | ૮૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૩ | ૫ |
| કોથમીર પુરા | ૨ | ૪ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| ફ્રેંદીનો પુરા | ૧ | ૪ |
| કાચા કેળા | ૧૮૦ | ૩૦૦ |
| ચૂણ | ૨૦૦ | ૧૦૦૦ |
| પરવર | ૬૦૦ | ૮૦૦ |
| ઘીસોડા | ૧૮૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૦૦૦ |
| મેથી પુરા | ૨ | ૭ |
| બીટ પુરા | ૫ | ૧૫ |
| સરગવો પુરા | ૮ | ૨૦ |
| ચોરા | ૨૦૦ | ૯૦૦ |
| કારેલા | ૧૬૦ | ૬૦૦ |
| વાલોર | ૨૦૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૪૦૦ |
| આદુ | ૧૮૦ | ૧૪૦૦ |
| પાલક પુરા | ૧ | ૨ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૪૫૫ | ૧૪૮૦ |
| શિંગ ગીરનાર | ૧૦૮૫ | ૧૫૬૫ |
| શિંગ મોટી | ૧૧૯૦ | ૧૬૨૫ |
| શિંગદાણા ફાડા | ૧૫૦૦ | ૨૦૦૦ |
| તલ સફેદ | ૨૬૦૦ | ૩૬૫૦ |
| તલ કાળા | ૨૫૯૦ | ૪૧૫૦ |
| બાજરો | ૫૬૦ | ૬૧૦ |
| જુવાર | ૯૦૦ | ૧૫૦૫ |
| ઘઉં ટુકડા | ૫૭૦ | ૭૩૫ |
| ઘઉં લોકવન | ૫૭૦ | ૬૪૦ |
| મકાઈ | ૬૩૫ | ૬૩૫ |
| અડદ | ૧૬૦૦ | ૧૮૦૫ |
| ચણા | ૧૩૧૦ | ૧૫૪૦ |
| છોલે ચણા | ૧૧૩૦ | ૧૮૧૫ |
| તુવેર | ૧૬૪૫ | ૧૭૭૦ |
| કપાસ | ૧૧૧૦ | ૧૮૮૦ |
| એરંડા | ૧૪૦૦ | ૧૫૪૦ |
| જીરૂ | ૪૬૩૦ | ૪૬૩૦ |
| ધાણી | ૨૭૨૦ | ૩૧૦૦ |
| સોયાબીન | ૧૨૦૫ | ૧૫૩૦ |
| રજકાનું બી | ૩૧૦૦ | ૮૪૭૫ |
| મરચા લાંબા | ૨૫૧૦ | ૫૪૦૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૧૫૦ | ૨૯૦ |
| રીંગણા | ૨૧૦ | ૫૦૦ |
| ફુલાવર | ૧૬૦ | ૨૧૦ |
| કોબીજ | ૧૦૦ | ૧૫૦ |
| શક્કરિયા | ૮૮૦ | ૯૮૦ |
| ટમેટા | ૩૨૦ | ૪૧૦ |
| સુરણ | ૯૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૬૨૦ | ૬૯૦ |
| દૂધી | ૩૨૦ | ૪૨૦ |
| કારેલા | ૪૩૦ | ૫૨૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| મૂળા | ૨૦૦ | ૩૩૦ |
| કાકડી | ૬૩૦ | ૮૦૦ |
| ગુવાર | ૫૮૦ | ૮૦૦ |
| વાલોળ | ૪૨૦ | ૫૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ચોળા લીલાં | ૫૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૯૩૦ | ૧૦૩૦ |
| વાલ | ૧૧૫૦ | ૧૨૫૦ |
| ચીભડા | ૭૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૬૦૦ |
| હળદર લીલી | ૭૧૦ | ૭૭૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૭૦૦ | ૯૦૦ |
| મેથીભાજી | ૩૨૦ | ૪૩૦ |
| ફુદીનો | ૮૦૦ | ૯૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૫૪૦ | ૬૫૦ |
| લીલી તુવેર | ૫૦૦ | ૭૦૦ |
| સરગવો | ૫૦૦ | ૭૦૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૦૦ |
| મરચા લીલા | ૩૨૦ | ૬૩૦ |
| મરચા લાલ | ૭૦૦ | ૧૧૦૦ |
| ડુંગળી લીલી | ૪૩૦ | ૫૩૦ |
| ડુંગળી સૂકી | ૩૦૦ | ૭૬૦ |
| લસણ લીલું | ૫૦૦૦ | ૬૦૦૦ |
| લસણ સૂકું | ૧૫૫૦ | ૨૪૫૦ |
| પાલક | ૫૫૦ | ૬૩૦ |
| લીંબુ | ૯૦૦ | ૧૧૦૦ |
| મકાઇ | ૨૯૦ | ૩૮૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૮૯૦ | ૧૯૮૫ |
| કપાસ મીડીયમ | ૧૭૪૦ | ૧૮૭૦ |
| મગફળી | ૧૪૧૦ | ૧૫૪૦ |
| તલ કાળા | ૩૭૧૦ | ૩૮૦૦ |
| જીરૂ | ૫૦૪૦ | ૫૧૬૦ |
| ચણા | ૧૪૫૧ | ૧૪૮૫ |
| ઘઉં | ૫૯૦ | ૬૬૧ |
| અડદ | ૧૭૨૧ | ૧૮૦૦ |
| સોયાબીન | ૧૫૧૦ | ૧૫૧૮ |

**ધારી**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૫૦૦ | ૧૮૫૭ |
| મગફળી | ૧૨૦૦ | ૧૫૭૫ |
| ઘઉં | ૫૨૫ | ૫૫૬ |
| ચણા | ૧૨૧૧ | ૧૫૦૦ |
| સોયાબીન | ૧૪૭૪ | ૧૪૭૪ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૩૫૫ | ૧૬૭૮ |
| મગફળી ૩૨ ન. | ૧૩૫૦ | ૧૫૨૮ |
| મગફળી ગીરનાર ૪ | ૧૩૬૦ | ૧૫૩૬ |
| બાજરી હાઇબ્રીડ | ૪૫૦ | ૬૧૯ |
| ઘઉં | ૫૨૫ | ૬૬૭ |
| જુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૯૨૦ |
| ચણા | ૧૩૦૦ | ૧૪૪૮ |
| સફેદ તલ | ૨૭૦૦ | ૩૨૪૫ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૯૬૦ |
| સોયાબીન | ૧૩૩૫ | ૧૬૧૬ |
| કપાસ | ૧૭૪૦ | ૧૮૩૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૭૪૦ | ૧૯૨૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૬૦૧ |
| ઘઉં ટુકડા | ૫૨૧ | ૬૨૭ |
| મગફળી | ૧૩૫૦ | ૧૪૫૮ |
| ચણા | ૧૧૦૦ | ૧૪૬૪ |
| સોયાબીન | ૧૩૦૦ | ૧૪૬૫ |
| શીંગદાણા | ૧૬૦૦ | ૧૬૦૦ |
| મેથી | ૯૦૦ | ૧૩૩૦ |
| ચણા સફેદ | ૧૩૧૨ | ૧૩૧૨ |
| ધાણા | ૨૯૦૦ | ૩૦૦૦ |
| લસણ | ૧૪૯૫ | ૧૫૦૦ |
| અડદ | ૧૭૪૫ | ૧૮૦૦ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૨૩૦ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૯૦૧ |
| ઘઉં | ૫૦૧ | ૬૨૦ |
| મકાઇ | ૪૦૧ | ૫૧૬ |
| મગ | ૧૦૦૧ | ૧૭૦૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૪૫૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૭૫૧ |
| તુવેર | ૧૬૦૧ | ૧૯૦૧ |
| મગફળી | ૧૦૦૧ | ૧૫૮૧ |
| શિંગફાડા | ૧૬૦૧ | ૧૮૭૧ |
| તલ સફેદ | ૨૫૦૧ | ૩૨૯૬ |
| ધાણા | ૨૦૦૧ | ૩૦૮૧ |
| લસણ | ૧૦૦૧ | ૧૭૪૧ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૫૨૧ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શિંગ-જીણી | ૧૩૦૦ | ૧૭૫૦ |
| શિંગ મોટી | ૧૩૫૦ | ૧૬૫૦ |
| તલ સફેદ | ૩૨૫૦ | ૩૭૫૦ |
| તલ કાળા | ૩૨૨૧ | ૪૦૧૧ |
| જીરૂ | ૪૯૦૦ | ૫૨૦૧ |
| કપાસ | ૧૮૨૫ | ૧૯૦૦ |
| ઘઉં લોકવન | ૫૬૦ | ૬૧૦ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૬૬૩ |
| બાજરો | ૪૫૦ | ૫૮૪ |
| અડદ | ૧૩૦૦ | ૧૮૭૦ |
| ચણા | ૧૩૦૦ | ૧૪૯૦ |
| દેશી ચણા | ૧૨૦૦ | ૧૪૩૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૬૫૦ |
| એરંડી | ---- | ૧૪૦૪ |
| ધાણા | ૩૦૦૦ | ૩૨૦૫ |

**જામનગર**

| | | |
|---|---|---|
| જુવાર | ૧૫૦૦ | ૧૮૦૫ |
| ઘઉં | ૫૪૦ | ૬૨૭ |
| મગ | ૧૨૦૦ | ૧૪૫૫ |
| અડદ | ૧૨૦૦ | ૧૮૫૫ |
| તુવેર | ૧૪૮૦ | ૧૫૦૧ |
| ચણા | ૧૩૫૦ | ૧૫૨૦ |

| | | |
|---|---|---|
| ચણા સફેદ | ૧૮૦૦ | ૨૧૭૦ |
| મગફળી જીણી | ૧૪૦૦ | ૧૬૬૦ |
| મગફળી જાડી | ૧૩૦૦ | ૧૬૩૦ |
| મગફળી ૬૬ ન. | ૧૫૦૦ | ૨૬૬૫ |
| મગફળી ૯ ન. | ૧૭૦૦ | ૨૮૮૦ |
| તલી | ૨૮૦૦ | ૩૪૦૫ |
| તલ કાળા | ૨૮૦૦ | ૩૪૪૦ |
| રાય | ૧૬૪૦ | ૧૮૬૫ |
| લસણ | ૮૦૦ | ૨૪૨૫ |
| કપાસ | ૧૬૬૫ | ૧૯૨૦ |
| જીરૂ | ૪૫૦૦ | ૫૨૧૫ |
| અજમો | ૨૪૦૦ | ૪૩૬૦ |
| અજમાની ભુસી | ૭૦ | ૩૦૮૦ |
| ધાણા-ધાણી | ૧૮૦૦ | ૩૪૦૦ |
| મરચાં | ૩૦૦૦ | ૫૦૬૦ |
| ડુંગળી સુકી | ૨૦૦ | ૭૬૦ |
| સોયાબીન | ૧૪૦૦ | ૧૫૦૦ |

**લીલીયા મોટા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૮૩૧ | ૧૮૬૮ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૭૭૫ | ૧૮૫૮ |
| મગફળી | ૧૨૫૧ | ૧૪૬૫ |
| જુવાર | ૧૩૬૦ | ૧૭૫૧ |
| તલ કાળા | ૩૬૫૧ | ૩૭૭૭ |
| તલ સફેદ | ૩૦૫૨ | ૩૦૫૨ |
| અડદ | ૧૭૦૦ | ૧૮૦૦ |
| મગ | ૧૪૧૦ | ૧૪૧૦ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૧૩૦૧ | ૧૫૦૧ |
| તલ સફેદ | ૨૭૫૧ | ૩૪૫૦ |
| તલ કાળા | ૩૭૦૦ | ૩૭૦૦ |
| કપાસ | ૧૭૭૦ | ૧૮૭૦ |
| તલ કાળા | ૩૭૦૦ | ૩૭૦૦ |
| રાય | ૧૩૦૦ | ૧૬૫૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૬૫૦ |
| એરંડી | ---- | ૧૪૦૪ |
| બાજરો | ૫૬૫ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૫૩૦ | ૬૮૩ |
| જુવાર | ૧૩૦૧ | ૧૭૩૦ |
| મકાઈ | ૬૦૦ | ૬૩૦ |
| મગ | ૧૪૦૧ | ૩૪૫૦ |
| અડદ | ૧૮૫૦ | ૧૯૮૧ |
| ચણા | ૧૩૫૦ | ૧૬૦૧ |
| સોયાબીન | ૮૦૦ | ૧૪૬૦ |
| ચોળી | ૧૬૮૧ | ૧૬૮૧ |

# આદિવાસીઓ હિન્દુ નથી આવા અપપ્રચાર પાછળ માત્ર રાજકીય ગણિત ?



૧૮૭૧-૭૨માં અંગ્રેજોના દિશા-નિર્દેશ મુજબ જે જનસંખ્યા ગણતરી થઈ તેમાં પહેલી વાર આદિવાસીઓને મુખ્ય હિન્દુ જ્ઞાતિઓ કરતાં અલગ દર્શાવવામાં આવ્યા. આ માત્ર વહીવટી બાબત નહોતી. આ વ્યાપક ષડયંત્ર હતું જેના કારણે આજે પણ એ વાત ફેલાવવામાં આવી રહી છે કે આદિવાસીઓ હિન્દુ નથી. અને આ વાત મુખ્યત્વે ફેલાવનારી ઈકો સિસ્ટમ કૉંગ્રેસી છે.

કૉંગ્રેસમાં આજે જોડાશે કે કાલે, તેવી વાતોના મુખ્ય પાત્ર શંકરસિંહ વાઘેલા પૂર્વ મુખ્ય પ્રધાન છે. તેઓ સંઘમાં હતા અને પછી જનસંઘમાં જોડાયા હતા. સંઘના સ્વયંસેવક માટે હતો શબ્દ વપરાતો નથી, પણ શંકરસિંહ વાઘેલા માટે 'હતો' શબ્દ એકદમ બંધ બેસે છે. સત્તાની મહત્ત્વાકાંક્ષા એટલી વધી ગઈ કે ૧૯૯૬માં માત્ર એક જ વર્ષ ભાજપની સત્તાને થયા ને બળવો કરી બેઠા. તેમના સમર્થકો પણ માને છે કે જો બાપુ ભાજપમાં હોત તો કદાચ રાષ્ટ્રપતિ પણ હોઈ શકત.

બળવો કરી અલગ પક્ષ રચ્યો અને કૉંગ્રેસના ટેકાથી સત્તા પણ પ્રાપ્ત કરી, પણ તેમને અને કૉંગ્રેસ બંનેને ઉતાવળ એવી હતી કે કૉંગ્રેસને જ માફક ન આવ્યા. કેન્દ્રમાં જેમ દેવેગોવડા માફક ન આવ્યા અને એક જ વર્ષમાં ઈન્દ્રકુમાર ગુજરાલને વડા પ્રધાન બનાવવા પડ્યા તેમ, ગુજરાતમાં શંકરસિંહ વાઘેલાના સાથી દિલીપ પરીખને મુખ્ય પ્રધાન બનાવવા પડ્યા. અને અંતે આ કજોડું પણ ૧૯૯૮માં તૂટી ગયું, જેમ કેન્દ્ર સ્તરે થયું તેવું જ ગુજરાતમાં થયું.

પણ તે પછી શંકરસિંહ વાઘેલાએ પોતાનો રાજપ કૉંગ્રેસમાં વિલીન કરી નાતરું કરી લીધું. નાતરું એવું કર્યું કે કૉંગ્રેસની વિચારસરણી બરાબર અપનાવી લીધી. એટલે ગોધરા કાંડ અંગેના તેમના વિચારો હોય કે શ્રી રામમંદિર માટેના, દારૂબંધી તો કૉંગ્રેસ જ લાવી, પણ તેને હટાવવા માટે પણ તેઓ નિવેદનો આપી યુટ્યૂબરો માટે થમ્બનેલ આપતા રહે છે. યુટ્યૂબરોને દર વખતે લાગે છે કે હવે બાપુ નવાજૂની કરશે, પણ બાપુ આ બાબતે ડીંગો આપતા રહે છે.

કૉંગ્રેસમાં જોડાવાની વાત પણ ઘણા સમયથી ચાલે છે. અમરેલીના પૂર્વ સાંસદ સ્વ. વીરજી ઠુમ્મરના બેસણામાં તો કૉંગ્રેસના પૂર્વ વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ તો તેમને આપ પ્રદેશ પ્રમુખ ઈશુદાન ગઢવીને મનાવવાનું કામ પણ સોંપી દીધું ! ભેંસ ભાગોળે ને છાશ છાગોળે તે આનું નામ !

શંકરસિંહ વાઘેલાના ભાથામાંથી તાજું તીર નીકળ્યું છે તે 'આદિવાસી હિન્દુ નથી' વાળી વાત છે. આમ તો, હરિ હરિના બદલે મૌલા મૌલા કરતા કૉંગ્રેસના યુટ્યૂબરો આ વાત ઘણા સમયથી ચલાવે છે. આદિવાસી જ મૂળ નિવાસી છે અને ભીલીસ્તાનનો એજન્ડા ચલાવનારા લોકો તેને લાઈક, કૉમેન્ટ આપી આવક પણ કરાવે છે. અંગ્રેજોએ જે આર્ય-દ્રવિડ અને તે રીતે ઉત્તર-દક્ષિણ વચ્ચે ફાંટફૂટ પડાવવા આર્યો એટલે કે હિન્દુઓ બહારથી આવ્યા હતા તેવી થિયરી આપી છે તેમાં લોકમાન્ય તિલક જેવા રાષ્ટ્રવાદી પણ આવી ગયા હતા. અંગ્રેજોનો હેતુ એ હતો કે અમે જેમ બહારથી આવીને ભારત પર શાસન કરી ગયા તેમ તે અગાઉ શાસન કરનારા બધા જ વિદેશી જ હતા, પછી તે મોગલો હોય કે તે પહેલાંના હિન્દુ રાજાઓ.

પરંતુ ડૉ. બાબાસાહેબ આંબેડકરે તેમના ૧૯૪૬ના પુસ્તક 'હુ વેર શુદ્રસ?'ના 'શુદ્રસ વર્સિસ આર્યન્સ' પ્રકરણમાં લખ્યું હતું કે આર્યોના આક્રમણનો સિધ્ધાંત એ માત્ર અગાઉથી કલ્પી લીધેલાં અનુમાનો પર જ આધારિત છે. તેના કોઈ વસ્તુલક્ષી પુરાવા નથી. વેદોમાં ક્યાંય આર્ય વંશની વાત આવતી નથી.

બીજું કે જે રીતે પોતાના વિજયની વાત જોરશોરથી લખનારા ઈતિહાસકારો મોગલોમાં છે, જેમ રામાયણ અને મહાભારત લખાયાં છે, પરંતુ મોગલોના ચમચા ઈતિહાસકારોએ જે 'નામાં' લખ્યાં છે અને 'રામાયણ' અને 'મહાભારત' છે તેમાં ક્યાંય કોઈને 'કન્વર્ટ' કરવા, ધર્મપતાકા ફરકાવવા માટે દૈત્યોનાં માથાંનો ઢગલો કરવાની વાત આવતી નથી. મહેમૂદ ગઝનવીએ જિહાદ માટે સોમનાથ અને ભારત પર કુલ સત્તર વાર (એકલા સોમનાથ પર સત્તર વાર આક્રમણ નથી કર્યું) આક્રમણ કરી ખલીફા પાસેથી 'ગાઝી'ની પદવી પ્રાપ્ત કરી હતી તેવું શ્રી રામ અને શ્રી કૃષ્ણએ કર્યું નથી. ઉલટું, શ્રી રામ અને શ્રી કૃષ્ણ પોતે પીડિત છે. અને અન્યાયનો બદલો લેવા તેમણે બે-બે વાર વિષ્ટી પછી છેલ્લા ઉપાય તરીકે યુધ્ધ કર્યા છે. અને તે પછી પણ કોઈ ઘમંડ કે અહંકારી વર્તન કે દેખાવો નથી કર્યા. ઉલટું, શ્રી કૃષ્ણને તો ભગવાન હોવા છતાં ગાંધારી તરફથી શાપ મળે છે અને તેમના પૌત્રો-પ્રપૌત્રોને દારૂ અને મદમાં નાશ પામતા જોવે છે અને અંતે શિકારીના બાણનો શિકાર થઈ સ્થૂળ દેહનો ત્યાગ કરે છે.

એટલે આર્ય વિદેશી હોવાનો વાદ ખોટો છે.

૧૯૯૦માં સંયુક્ત રાષ્ટ્રોની મહા સભાએ ઠરાવ પસાર કર્યો કે ૧૯૯૩ના વર્ષને વિશ્વના મૂળ નિવાસી લોકોના વર્ષ તરીકે ઉજવવું. આ મહા સભાએ ડિસેમ્બર ૧૯૯૪માં જાહેરાત કરી કે ૧૯૯૫થી ૨૦૦૪ને વિશ્વના મૂળ નિવાસીના આંતરરાષ્ટ્રીય દાયકા તરીકે ઉજવવો. અને ડિસેમ્બર ૧૯૯૪માં મહા સભાએ એવો ઠરાવ પણ પસાર કર્યો કે દર વર્ષે ૯ ઑગસ્ટને વિશ્વ મૂળ નિવાસી દિવસ તરીકે ઉજવવો. ત્યાર સુધી ભારતમાં જે મૂળ નિવાસી ચળવળ ચાલતી હતી તે આર્ય વિરુધ્ધ (એટલે કે હિન્દુ વિરુધ્ધ હતી) જે મુખ્યત્વે ઉત્તર-દક્ષિણ ભારતનું વિભાજન કરવા માટે હતું પરંતુ હવે આદિવાસીઓ હિન્દુ નથી અને ભારતના આદિવાસીઓ મૂળ નિવાસી છે અને હિન્દુઓ બહારથી આવ્યા છે તેવું ચાલુ થયું.

આદિવાસીઓ મૂળ નિવાસી છે તે વાત સાચી, પરંતુ તેનો અર્થ એ નથી કે હિન્દુઓ બહારથી આવ્યા છે. રેડિયો કાર્બન ડેટિંગ (તારીખ જાણવી)થી સાબિત થયું છે કે (વર્તમાન હરિયાણાના) ભિરડાના (અંગ્રેજોએ તેનો અંગ્રેજી સ્પેલિંગ બગાડી નાખ્યો છે – **Bhirrana** કરે છે) જે અત્યારે સુષપ્ત સરસ્વતી નદીના કિનારે આવેલું છે, તે ઈશુના ૬,૦૦૦ વર્ષ પહેલાંનું છે. એટલે કે ૮,૦૦૦ કરતાં વધુ વર્ષ જૂનું. બ્રિટિશ વૈજ્ઞાનિક સામયિક 'નેચર'માં જ છપાયા પ્રમાણે, એક અભ્યાસ દ્વારા આ ભિરડાના હવે ૯,૫૦૦ વર્ષ કરતાં જૂનું હોવાનું સ્થાપિત થયું છે. ઋગ્વેદમાં સરસ્વતી નદીનો ઉલ્લેખ છે. સ્નાન કરતી વખતે શ્રધ્ધાવાન હિન્દુઓ 'ગંગે ચ યમુને ચૈવ ગોદાવરી સરસ્વતી, નર્મદે સિંધુ કાવેરી જલેસ્મિન સન્નિધિ કુરુ' એમ સાત પવિત્ર નદીનાં નામ બોલે છે, તેની પાછળનો આશય માત્ર પવિત્ર નદીઓના પવિત્ર જળને સ્નાનના પાણીમાં આહવાન કરવાનો નથી, પરંતુ ભવિષ્યમાં 'મૂળ નિવાસી' જેવી બૌધ્ધિક કલ્પિત વાતના ઉત્તર માટે પણ છે. આ મંત્ર બતાવે છે કે હિન્દુઓ ઉત્તરાખંડથી નીકળતી ગંગાથી લઈ દક્ષિણની કાવેરી સુધી જે ભૂભાગ છે તેને ભારતવર્ષ તરીકે જુએ છે.

પ્રાધ્યાપક બી. બી. લાલ જેવા પુરાતત્ત્વવિદો માને છે કે શસ્ત્રો લઈને બહારથી આર્યો અહીં ચડી આવ્યા હોય તેના કોઈ પુરાવા નથી.

આદિવાસી અને સનાતનને જે નામ આપો, જે માનો તે માનો, પણ બંનેમાં સામ્યતા છે તે કોઈ નકારી શકે તેમ નથી. સમગ્ર વિશ્વમાં બે જ ઉપાસકો પ્રકૃતિ એટલે કે પર્યાવરણની પૂજા કરે છે. વૃક્ષ, નદી, પર્વત, પ્રાણીઓ ઈત્યાદિની પૂજા આદિવાસી અને સનાતનીઓ કરે છે. તેમની રક્ષા માટે લડી જનારા અથવા પોતાના પ્રાણની આહૂતી આપનારા છે. રાજા શિબિએ તેમની શરણમાં આવેલા કબૂતરને બચાવવા બાજને ભોજન આપવા, ત્રાજવામાં પોતે બેસી પોતાના શરીરનું બલિદાન આપવા તૈયાર થઈ ગયા હતા. મહાભારતની કથા મુજબ, પાંડવોના હિમાલય ગમન સમયે, અન્ય શેષ પાંડવો મૃત્યુ પામે છે ત્યારે યુધિષ્ઠિરની સાથે માત્ર શ્વાન બચે છે. સ્વર્ગમાં જો શ્વાનને પ્રવેશ નહીં તો પોતે પણ પ્રવેશ નહીં કરે તેમ યુધિષ્ઠિર કહી દે છે.

સનાતનીઓ અને આદિવાસીઓ ધરતીને માતા માની તેની પૂજા કરે છે. સનાતનીઓ સવારમાં ઊઠીને ધરતી પર પગ મૂકતા પહેલાં કહે છે,

''સમુદ્રવસને દેવિ, પર્વતસ્તનમણ્ડલે
વિષ્ણુપત્ની નમસ્તુભ્યં પાદસ્પર્શં ક્ષમસ્વમે'.

આ ધરતી ભગવાન વિષ્ણુની પત્ની છે. તેના પર પગ મૂકવો એ અપરાધ છે- પાપ છે. પરંતુ તેના વગર છૂટકો નથી એટલે પ્રતિ દિન ઊઠીને આ મંત્ર બોલવામાં આવે છે. આદિવાસીઓ પણ પૂર્વજોની પૂજા કરે છે અને હિન્દુઓ પણ. તેઓ પુનર્જન્મ અને કર્મના સિધ્ધાંતમાં પણ માને છે.

કોઈ માને કે ન માને, પરંતુ ભારતીય ઉપખંડમાં રહેલા બધા દેશોમાં એક સંસ્કૃતિ રહેલી છે, એક સભ્યતા રહેલી છે, એક પારિવારિક માળખું રહેલું છે, પછી તે આર્યસમાજી હિન્દુ હોય, કે સાકાર ભગવાનમાં માનતો હિન્દુ હોય, તે વૈષ્ણવ હોય કે શૈવ હોય, કે શાક્ત હોય, કે પછી જૈન અથવા બૌધ્ધ હોય, કે નિરાકારમાં માનનારા મુસ્લિમો હોય અથવા જિસસમાં માનનારા ખ્રિસ્તીઓ હોય. મુસ્લિમોમાં તાજિયા ભારત સિવાય ક્યાં નીકળે છે? કવ્વાલી કે સૂફી સંગીત કયા ઈસ્લામિક દેશમાં સાંભળવા મળે છે? ખ્રિસ્તીઓમાં તો, પોપ આવે ત્યારે તેમની આરતી ઉતારાય છે, તિલક કરાય છે, હવે તો ઈશુ પર જળાભિષેક કે દુગ્ધાભિષેક કરાય છે, માતા મેરીના ગરબા ગવાય છે, ભલે તેનો આશય કદાચ, હિન્દુ પધ્ધતિમાં વિશ્વાસ ધરાવતા લોકોને પોતાની તરફ ખેંચવાનો હોય. એમ તો કોઈ હિન્દુ દેવી-દેવતાની પૂજા ન કરવાની આંબેડકરની ૨૪ પ્રતિજ્ઞા લેનારા નવ બૌદ્ધો પણ આંબેડકરની મૂર્તિ પર જળાભિષેક કે દુગ્ધાભિષેક સહિતની હિન્દુ પધ્ધતિએ પૂજા કરે જ છે ને.

ધર્મ એ કર્તવ્ય છે. ઉપાસના પદ્ધતિને અંગ્રેજીમાં રિલિજિયન (Religion) કહેવાય છે, તેને ભારતીય ભાષામાં ધર્મ કહીને ખોટી વિભાવના ઊભી કરી દેવાઈ છે. ભારતીય ઉપખંડમાં રહેનારા સહુ કોઈ સનાતન ધર્મ અથવા સંસ્કૃતિના જ છે.

કોલંબસ જ્યારે ભારતની શોધમાં અમેરિકા પહોંચી ગયો ત્યારે ત્યાં રહેતા 'મૂળ નિવાસી' લોકોને 'નેટિવ અમેરિકન્સ' અથવા 'રેડ ઇન્ડિયન્સ' કેમ કહ્યા? કારણકે તેઓ બધી રીતે ભારતીયો, હિન્દુઓ જ લાગતા હતા.

પરંતુ તેમને હિન્દુ નથી તેમ કહેવું એ માત્ર રાજકીય ગણિત નથી. આની પાછળ અગાઉ કહ્યું તેમ અંગ્રેજોએ ૧૮૭૧થી જે ચાલુ કર્યું તેવું બૃહદ ષડયંત્ર છે. જેમ શીખોને હિન્દુઓથી પ્રશાસકીય રીતે જુદા પાડી દેવાયા, બૌધ્ધો અને જૈનોને લઘુમતી ગણાવી દેવાયા, તે જ રીતે, આદિવાસી હિન્દુ નથી તેમ કહેવાથી તેમને ખ્રિસ્તીમાં વટલાવવા સરળ બને છે. મુસ્લિમ બનાવવામાં વાંધો આવે તેમ નથી. એટલે ન માત્ર રાજકીય રીતે, ઉર્દૂવુડની ફિલ્મોમાં પણ આદિવાસીઓને 'જંગલી' ચિતરવામાં આવે છે. જંગલીનો અર્થ અસભ્ય, હિંસક તેવો કરવો યોગ્ય નથી. જંગલી એટલે જંગલમાં રહેનારો. વનને પ્રેમ કરનારો. જેમ આયુર્વેદમાં વનસ્પતિની- જડીબુટ્ટીનું મહત્ત્વ છે તેમ આદિવાસીઓ પણ વનસ્પતિઓથી – જડીબુટ્ટીથી રોગ મટાડી દે છે. ડાંગમાં ઘણા આવા આદિવાસી વૈદ્યો જોવા મળશે. ઉર્દૂવુડમાં આદિવાસીઓને વનસ્પતિનાં પાન, માથામાં પીછાં ભરાવેલા અને 'હૂ હૂ' કરતા બતાવાય છે. ભાલા લઈને પ્રેમી-પ્રેમિકાઓને ઘેરી લે છે તેવું બતાવે છે. (સંજય કપૂર-માધુરી દીક્ષિતની 'રાજા' જોજો.)

૧૯૭૮ની 'શાલિમાર' ફિલ્મમાં ડૉ. બુખારી (શમ્મી કપૂર) મુસ્લિમ હોવા છતાં સ્થાનિક આદિવાસીઓને નાગ દેવતા સામે 'દીવાર'માં જેમ અમિતાભ બચ્ચન શંકર ભગવાનને પ્રશ્નો સંવાદ રૂપે કરે છે, તેમ 'નાગ દેવતા, જાગ દેવતા' ગીત ગાઈને કરે છે! તેમને સર જૉન લૉક્સ્લીની દાસતામાંથી છોડાવવા શું તેમને તેમના નાગ દેવતાની પૂજામાંથી છોડાવવા આવું ગીત ગાતા બતાવવું આવશ્યક હતું?

એક તરફ, આદિવાસીઓ હિન્દુ નથી તેમ કહેવું અને બીજી તરફ, ખ્રિસ્તી કે અન્ય પંથી થઈ ચૂકેલા આદિવાસીઓને એસ. ટી. અંગેના આરક્ષણ સહિતના મળતા લાભો ચાલુ રાખવા, આ બંને પ્રકારથી આદિવાસીઓને નિશાન બનાવવામાં આવે છે.

આવું કેમ? તેનું મૂળ રામાયણ અને મહાભારત સહિતના હિન્દુ શ્રધ્ધાના ઐતિહાસિક ગ્રંથો અને વિદેશી આક્રાંતાઓ સામેની લડાઈના ઈતિહાસમાં જોવા મળશે. બીજા કોઈ ઉપાસના ગ્રંથોમાં આદિવાસીઓ નાયકોનું નિરુપણ સારી રીતે- સાચી રીતે કરાયું નથી. શ્રી રામનું શબરી સાથેનું વર્તન, તેમને વનવાસીઓનો સેના તરીકે સાથ, નિષાદ રાજ સાથેની મિત્રતા, કે પછી મહાભારતમાં ભીમ-હિડિંબા લગ્ન સહિત અનેક ઉદાહરણો છે. બીજી તરફ, મોગલો કે અંગ્રેજો સામે લડવામાં સનાતનીઓની જેમ જ આદિવાસીઓ પણ અગ્ર હતા. પછી તે મોગલો સામે લડનારા આસામના લચિત બોરફુકન હોય કે મધ્ય પ્રદેશનાં રાની દુર્ગાવતી, ખ્રિસ્તી મિશનરીઓ સામે લડનારા ઝારખંડના ભગવાન બિરસા મુંડા હોય કે તેલંગાનાનાં નિઝામ સામે લડનારા કોમારામ ભીમ હોય, મહારાણા પ્રતાપનો સાથ આપનારા ભીલોની સેનાનું નેતૃત્વ કરનારા રાણા પુંજા હોય કે પછી સોમનાથને બચાવવા નીકળેલા વીર હમીરજી ગોહિલને સાથ આપનારા વીર વેગડા ભીલ હોય, આદિવાસીઓએ શેષ સનાતનીઓને આ દેશને બચાવવાની લડાઈમાં સાથ આપ્યો છે.

બસ, આ જ વાત અમેરિકા-બ્રિટનના ગોરાઓને ખૂંચતી આવી છે. માટે જ, એક તરફ, આદિવાસીઓને હિન્દુ નથી તેમ કહી હિન્દુઓથી અલગ કરી દેવાના અને બીજી તરફ, વટલાઈ ગયેલા આદિવાસીઓને આદિવાસી લાભો ચાલુ રાખવાનું આ ષડયંત્ર છે. ■


jaywant.pandya@gmail.com


## વિચાર વલોણું



જયવંત પંડ્યા

# એવો કયો સમય છે કે લોકો સૌથી ઓછી ઉંઘ કરે છે ?

(૧) તમને કેવા પ્રકારના પ્રશ્નથી ડર અને મૂંઝવણ અનુભવાય છે?

રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર), આવા.

(૨) બાયપાસ હોય છે તો ભાઈપાસ કેમ નથી હોતું?

જીગર યાદવ (દાત્રાણા-પાટણ)

બધામાં એવો પ્રાસ મેળવવો જરૂરી નથી હોતો. એમ તો નાપાસ હોય છે તો હાપાસ કેમ નહી એમ પણ પૂછી શકાય.

(૩) સાહેબ..! શું એવું લાગે છે કે આ AI હાસ્યલેખકની સત્તા છીનવી લેશે?

ધોરાજીયા કેવિન જી. (સાજણટીબા હાલ કેનેડા )

હાસ્યલેખક પાસે વળી ક્યાં દિવસે સત્તા હતી કે કોઈ છીનવી લે એવો ભય હોય?

(૪) એવો ક્યો સમય છે કે લોકો સૌથી ઓછી ઉંઘ કરે છે?

ધોરાજીયા ઘનશ્યામ એન (સાજણટીબા)

ગામમાં ભવાયા રમવા આવ્યા હોય એ સમય.

(૫) એવા ક્યાં હાસ્યલેખક છે કે જેમને નવાં વર્ષમાં એવોર્ડ આપી શકાય?

ધોરાજીયા ચંદ્રકાંત એન. (સાજણટીબા)

આપવો હોય તો બધાને આપોને!

(૬) 'ભલે સાત સોના શહેરમાં પણ ગામડું રળિયામણું' સ્ટેટસ મુકવાવાળા ગામડે રહેતા કેમ નથી ?

કનુભાઈ પરમાર (દામનગર)

કારણ કે ડુંગર દૂરથી રળિયામણા લાગે છે માટે.

(૭) દેવોએ એની(દેવ દિવાળી) દિવાળી કેમ નોખી રાખી આપણી સાથે એને શું વાંધો હશે?

મેહુલભાઈ મિસ્ત્રી (ચમારડી)

દેવોએ નહી, આપણે દિવાળી અલગ કરી છે.

(૮) દિવાળીમાં રાહતનો શ્વાસ લીધો?

કાળુભાઈ ભાડ (અમરેલી)

લેવો હતો પણ પછી બંધ રાખ્યું.

(૯) આંખ, કાન અને નાકના ટીપાં આવે છે તો મોઢાના ટીપા કેમ નહી?જય દવે (ભાવનગર)

કેમ કે મોઢાને દાંત હોય છે, આંખ, કાન અને નાકને નહી.

(૧૦) ભવિષ્યમાં મોબાઈલના કેમેરા કેવા આવશે?

ઉન્નતિ મહેતા (રાજકોટ)

પાડ્યા વિના ફોટો પડી જાય એવા.

(૧૧) મને આઈસ્ક્રીમ ખાવાનો ઘણો જ શોખ છે. તમારી ખવડાવવાની ઈચ્છા ખરી?

પંચાલ ચિરાગકુમાર કનૈયાલાલ (મધવાસ જિ-મહીસાગર)

જરાય નહી.

(૧૨) વેપારી મીઠાઈ પૂંઠાના બોક્સમાં ભરીને આપે તો પૂંઠું મીઠાઈના ભાવમાં આવ્યું ગણાયને?

નીરવ ડણાંક (અમરેલી)

મીઠાઈ પૂંઠાના ભાવે આવી ગણાય.

(૧૩) ડાયરાના કલાકાર બનવું છે તો શરૂઆત ક્યાંથી કરવી?

ધવલભાઈ પાનવાળા (રાજકોટ), મંજીરાથી.

(૧૪) દેવીદેવતાના ફોટા કોણે બનાવ્યા હશે?

વનિતાબેન હરેશભાઈ કાવઠિયા (નવા ઉજળા)

દેવીદેવતાએ બનાવેલા માણસે.

(૧૫) એક વર્ષથી તમે મારા સવાલના મસ્ત જવાબ આપો છો. તમને શું ભેટ આપું?, રામભાઈ પટેલ (સુરત)

મસ્ત સવાલો. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

## હાસ્યાય નમઃ



ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

# નેતા અને નેતા – સીડી અને પેરાશુટ

જે ભારતનો નાગરિક છે, તેને બંધારણીય જોગવાઈઓ આધારે મતાધિકાર પ્રાપ્ત છે. દેશનો નાગરિક દેશમાં જ વસે છે અને તે જ ચૂંટણીઓમાં મતદાન કરીને સરકારો ચૂંટે છે અને ગબડાવે છે. કોઈ વિદેશનો નાગરિક ભારતમાં આવીને સરકાર પસંદગીની કોઈ પ્રક્રિયામાં હિસ્સો લઈ શકે તેવી કોઈ જોગવાઈ ભારતીય બંધારણમાં નથી. એટલે જ દેશના અમુક બાદ કરતા લગભગ બધા નેતાઓ દેશમાં જ પ્રચાર કરે છે. બાંગ્લાદેશી ઘુસપેઠ સામે ઝુંબેશ ચલાવીને ખદેડી મુક્યા બાદ ગેરકાયદે વિદેશથી આવીને દેશની સરકારોની રચનામાં સહ્ભાગીદારીતાનો લાભ અને પ્રશ્ન પૂરો થઈ ગયો છે. અને લોકશાહીમાં દેશના નાગરિકોનો બહુમત જનાદેશ મેળવીને જ સરકાર રચવાનો એકમાત્ર વિકલ્પ છે. બીજો કોઈ રસ્તો નથી. એટલે જ ડાહ્યો નેતા સતત જ્યાંથી જીતવાનું હોય ત્યાની જનતા જનાર્દનને રીઝવવામાં પડ્યો હોય છે. વિદેશી નેતા, સંગઠનો, કે જનતાને રીઝવી લેવાથી ભારતમાં સરકાર રચી લેવાના કોઈ સંજોગો નથી.

નેતા બનવું અને નેતા પેદા થવું બંને અલગ બાબત છે. નેતા બનવું સીડી ચઢવા જેવું છે અને નેતા પેદા થવું હેલીકોપ્ટરથી સીધું છત પર ઉતારવા જેવું છે. સીડી ચઢવામાં શ્રમ છે. પગથીયું ચુકી ન જવાય તેની એકાગ્રતા જરૂરી છે. આગળ હાથ ટેકવવાની અને પગ પછી પગ મુકવાની કુનેહ જરૂરી છે. જયારે સીધા છત પર કે ટોપ ફ્લોર પર ઉતારવામાં હેલીકોપ્ટરની આહ્લાદક હવાઈ સફર અને એરિયલ વ્યૂ છે. એ માટે ભારતીય રાજકારણમાં પેરેશુટ કેન્ડીડેટ જેવો શબ્દ વાપરવામાં આવે છે. કેડર બેઈઝ પાર્ટીમાં નેતા સીડીઓ ચઢીને ઉપર જાય છે. પાયાના કાર્યકર્તાથી શરૂઆત કરીને લાયકાત પ્રમાણે ઉપર ચઢતા જાય છે. એમાં લગભગ લગભગ લાયક હોય તે જ આગળ જગ્યા મેળવતો જાય છે. આનો એક ફાયદો એ થાય છે કે જેમ જેમ પાર્ટી કેડરમાં ઉપર ચઢતા જાઓ તેમ તેમ ઘડાયેલા નેતાઓની કેડર આવતી જાય છે અને નેતાઓની રાજકીય ક્ષમતાઓનું સ્તર ઉચ્ચતર થતું જાય છે. જો સંપૂર્ણ લોકતાન્ત્રિક ઢબે પાર્ટી કેડર પસંદ થતી રહે તો સમય જતા એ માળખું એટલું મજબૂત બની રહે કે તેને પડકારવું મુશ્કેલ બની જાય છે.

પરીક્ષાનો સિલેબસ તમે નક્કી નથી કરી શકતા. પરીક્ષાખંડમાં જે પેપર તમારી બેંચ પર મુકવામાં આવે તેના જ જવાબો આપવાના રહે છે અને તમે લખેલા એ જવાબોના આધારે જ તમને માર્ક્સ આપવામાં આવે છે. એ પરિણામ સામે વાંધો હોય તો તમે રીચેકિંગ કરાવી શકો છો, ત્યારબાદ પણ જો તમારૂ પરિણામ ન સુધરે તો એ તમારે સ્વીકારી લેવાનું રહે છે, આખી પરીક્ષા પધ્ધતિને તમે ગેરવાજબી ઠેરવી શકતા નથી, તમે નાપાસ થયા છો એ સ્વીકારીને ભવિષ્યમાં તુરંત આવનારી પરીક્ષાની તૈયારીમાં લાગી જવાનું રહે છે, યા તો અભ્યાસ છોડીને અન્ય પ્રવૃતિમાં લાગી જવાનો બીજો વિકલ્પ તમારી પાસે બચે છે. ચૂંટણીમાં પણ આ સીસ્ટમ જ લાગુ પડે છે. ઉમેદવાર હારી ગયા બાદ જનતાની વચ્ચે જઈને પછીથી આવનારી ચૂંટણીઓની તૈયારીમાં લાગી જાય છે. જો એ ચૂંટણીની સમગ્ર પ્રક્રિયાને દોષયુક્ત ગણાવીને પોતાની હારનો માનસિક સ્વીકાર ન કરી શકે તો બીજી ચૂંટણીમાં પણ હાર ચોક્કસ બની જાય છે.

વિદેશી હારેલો રાજકારણી દેશમાં આવીને તમારી છત્રછાયા હેઠળ દેશ વિરુદ્ધ કે દેશની સીસ્ટમ વિરુધ્ધ નારાઓ લગાવે અને તમે બેશરમની જેમ હસતા રહે એ દેશની ભયાનક કરુણતા છે. પાર્ટી ઓફ યુરોપિયન સોશિયાલિસ્ટના મહામંત્રી અને ઈટાલીના નેતા જિયાકોમો ફિલિબેકે વિપક્ષના 'વોટ ચોર, ગદ્દી છોડ' ના નારાને મંચ પરથી પોકાર્યો હતો. તેનો અંગ્રેજી અનુવાદ 'વોટ થીફ, લીવ યોર સીટ' કર્યો હતો. વિદેશના કોઈ નેતાએ આવીને દેશમાં દેશ વિરુદ્ધ કે ચૂંટાયેલી સરકાર વિરુધ્ધ કોઈ નારો લગાવ્યો હોય તેવો કદાચ આ પહેલો કમનસીબ બનાવ છે. એ જાણવું જોઈએ કે કોઈ વિદેશી નેતાના આવા નારા પોકારવાથી દિલ્હીની ગાદી તમારા માટે ખાલી નથી થઈ જવાની. અમે નાના હતા ત્યારે સાથીદારો, સહાધ્યાયીઓ સાથે ઝગડાઓ થતા. ત્યારે સામેવાળાને અમારામાંનો દરેક એક ફોગટ ધમકી ચોક્કસ આપતો કે જોજે મારા મોટાભાઈને કહીને તને માર ખવડાવું... આ બોલતા સમયે અમને એ પણ ભાન રહેતું કે જેને અમે ધમકી આપી રહ્યા છીએ, તેનો મોટોભાઈ પણ ઉમરમાં મારા મોટાભાઈ જેવડો જ છે, એટલે સરવાળે કશું થવાનું નથી. પણ એથી અમે તાત્કાલિક જે હાર અને સંઘર્ષ થઈ રહ્યો હોય, તેનાથી બચી જતા.

એવું નથી સાંભળ્યું કે બીજા કોઈ દેશનો નેતા હિન્દુસ્તાનમાં આવીને કહેતો હોય કે અમારા દેશમાં હાલત ખરાબ છે. વિશ્વના કોઈપણ દેશમાં એવા નેતાઓ નથી હોતા જે વિદેશમા જઈને દેશ વિશે ઉણું કે ઘસાતું બોલે. દેશના નેતા પ્રતિપક્ષ દ્વારા દેશ વિરુદ્ધમાં એક ઝુંબેશ શરુ કરવામાં આવી છે. દેશની અર્થ વ્યવસ્થા વિશ્વમાં સૌથી ઝડપથી પ્રગતિ કરી રહી હોય અને દેશના વિપક્ષના નેતા વિદેશમાં જઈને એવું કહી રહ્યા હોય કે ભારતની અર્થ વ્યવસ્થા પડી ભાંગવાના આરે છે. દેશમાં થઈ રહેલ પ્રગતિ ઉડીને આંખે વળગી રહી છે. ઈકોનોમીની પ્રગતિ આંકડાઓથી સાબિત થાય છે અને ભારતીય અર્થવ્યવસ્થા અંગેના વૈશ્વિક રેટિંગ એજન્સીઓના આંકડાઓ વિપક્ષ નેતાના દાવાને જુઠ્ઠો સાબિત કરી રહ્યા છે. રાજનીતિક પ્રતિદ્વંદીની ટીકા એક બાબત છે, અને દેશની ટીકા ભિન્ન બાબત છે. ચૂંટણી જીતવા માટેના અન્ય બીજા રસ્તાઓ છે. સરકારની ટીકા કરવાના અન્ય આયામો છે. દેશને તાત્કાલિક નુકસાન થઈ રહે એવી આધારવિહીન વાત કહેવાથી બચવું જોઈએ.

ક્વિક નોટ – ''દરેક વખતે જયારે આખી દુનિયા મારી સામે હતી ત્યારે મને ખાતરી થઈ ગઈ હતી કે હું સાચો છું.'' – ચાર્લ્સ દ ગોલ ■


## રાજકીય રસધાર



પ્રવીણ માધાણી

production@infiniumpharmachem.com

# સુગંધનું સરનામું...



આજની સાંજ ખુશહાલ ક્ષણોમાં ખૂબ જ સુખદ રીતે ઓગળી રહી હતી આઈસ્ક્રીમ ની જેમ !

- ખૂબ જ સ્વાદિષ્ટ હતો સમય પણ !

સર કહી રહ્યા હતા :' અનુ, તું સાથે હતી તો મજા આવી. તારી કંપની સરસ રહી.બાકી તો આઈસ્ક્રીમ ની ઈચ્છા હોવા છતાં પણ હું ન ખાત !મને આમ જો તો , એકલા એકલા ખાવા પીવામાં કંટાળો ખૂબ જ આવે .બટ હા, કદાચ સીમા સાથે હોય તો વાત જુદી છે.પણ સાચું કહું? આજે તેં સીમાની ખોટ પુરી દીધી.ખરેખર એન્જોય ફિલ થયું. !ખુ..બ મજા આવી.!'

અનુ અહોભાવ થી સાંભળી રહી હતી .હજી તો માંડ પાંચ સાત ચમચી જ ખાધી હતી બાકીનો આઈસ્ક્રીમ તો ઓગળી રહ્યો હતો સર તેને મીઠી ખીજ કરતા કહ્યું ,:' અરે ઝડપ કર ઝડપ , નહીતર આઈસ્ક્રીમ નું દૂધ કોલ્ડ્રીંક બની જશે....'

- કેટલી કેર રાખી રહ્યા છે સર ?

- પણ તેને ગમ્યું. કોઈ પુરુષ તેના અસ્તિત્વને આવિષ્કારી રહ્યો હતો પ્રથમ વખત જ !

- તેના દિલને પણ ટાઢક વળી. સરનું બિહેવ કેટલું હુંફાળું છે! એમના મિસિસ કેટલા લક્કી કહેવાય ???!અનાયાસ તેને મન, બાપુ અને સર વચ્ચે કમ્પેરીઝન થઈ ગઈ. બાપે તો કદી પણ માને પ્રેમથી બોલાવી પણ નથી જ્યારે સર તો વાત વાતમાં ' સીમા' ' સીમા' કરતા એમના મિસિસને કેટલું મિસ કરી રહ્યા હતા ?!!

-બીજો કપ થઈ જાય અનુ?-

સરે હસીને પૂછ્યું અને તે મોકળા મને હસી પડી .ટોપ ઉપર ક્રીમ કલરનો આઈસ્ક્રીમનો ડાઘ પડી ગયો હતો તે લૂછ્યો અને હોઠ પણ લૂછી કાઢ્યા .!

'લે ને ..'સરે આગ્રહ કર્યો . તે ઈન્કાર કરી રહી પણ સરે તેમના બંને હાથમાં તેની હથેળી લીધી.અનુના દેહમાં આછું કંપન ફરી વળ્યું. પણ સરના સ્પર્શમાં પેલા સીટીબસ વાળા મર્દો વાળી ગંદકી ન હતી.નકરી શાલીનતા અને શીતળતા હતી! જે મર્દો ટ્રેનની ભીડ ની આડમાં પોતાને ઘસાઈ લેતા હતાં એવો વિકાર નહોતો! એણે હથેળી પાછી ન ખેંચી .આજે તેણે કોઈ 'પુરુષ' ના એ સ્પર્શમાં અને સ્નેહમાં સ્વેચ્છાએ પોતાની જાતને વહેવા દીધી. બે પળ પછી ડીશમાં બે કોન આવ્યા.

'અહીંની સ્પેશિયલ આઈટમ ..'. સરે તેનો હાથ હાથમાં લઈ કોણ પકડાવતા કહ્યું લે મજા આવશે !!'

★★

કાર ધીરે ધીરે જઈ રહી હતી તેને ગમતું હતું. કોઈ મનનો માણીગર મળે અને આ જ રીતે બસ લોંગ ડ્રાઈવમાં જવાનું હોય પણ કાશ !એવું ક્યાં નસીબમાં હતું ??!

'અનુ ..'

'હમ્મ્..'

''અનુ, તને જે પગાર મળે છે એટલામાં ઘરનો ખર્ચો..?''સ્હેજ અટકીને સરે પૂછ્યું: આર યુ સેટિસફાઈડ?

'ચાલી જાય છે'

'મારે તારી પર્સનલ મેટરમાં પૂછવું ન જોઈએ .બટ ,તારા ફેમિલી મેમ્બર્સ માં ?'

## લઘુનવલકથા



યોગેશ પંડ્યા

'હું મોટી છું ફેમિલીમાં ..' અનુ એ દિલની કિતાબ ખોલી,:' એક નાનો ભાઈ છે જે એન્જિનિયરિંગના છેલ્લા વર્ષમાં છે. નાની બહેન કોલેજના ચોથા સેમેસ્ટરમાં છે. માં તો સમજણી થઈ ત્યારથી જ અસ્થામાનો શિકાર બની ગઈ છે. પપ્પા કઈ કમાતા નથી પણ .... હવે બધું કોઠે પડી ગયું છે. મારું લક્ષ્ય નાના ભાઈ- બહેનનું કરિયર છે. એકવાર એ બંનેનું સરસ રીતે ગોઠવાઈ જાય ઘેટ્સ ઈનફ!'આટલું બોલતામાં તો જાણે એ હાંફી ગઈ.

' સ્ટ્રગલ અનુ , ડીપ સ્ટ્રગલ..'

'ચાલ્યા કરે સર !'. અનુએ નીચે જોઈને કહ્યું આપ જેવા સર છો એટલે દિવસો કપાય છે !'

'ઓહ્ નો... યુ આર ઈનોસન્ટ .બટ આઈ વિલ ટ્રાય...'એમણે કંઈક વિચાર કરીને કહ્યું,:' બોર્ડની મિટિંગમાં તારો પગાર વધારવા પ્રયત્ન કરીશ ..'

'થેન્ક્સ સર '-

-અચાનક ગાડી એક મીઠાઈ વાળા ની દુકાને અટકી .

' એક મિનિટ અનુ ..'' કહી સર ઉતર્યા. પાંચેક મિનિટ પછી પાછા આવ્યા ત્યારે મીઠાઈના બે એક જ સરખા બોક્સ લેતા આવ્યા એ પૈકીનું એક બોક્સ અનુના હાથમાં થમાવતા કહ્યું,::' રાખ, અહીંની સ્પેશિયલ આઈટમ દેવડા છે !'

'નહીં સર , તમે આટલું બધું-'.

'' અરે ,હું કહું છું ને! રાખી લે, ઈટ્સ ફોર યુ પ્લીઝ -'

સરને 'પ્લીઝ 'કહેવું પડે એ તો પ્રોટોકોલ નો ભંગ થયો કહેવાય એણે રાખી લીધા. ગાડી સ્ટાર્ટ થઈ, અને મંઝિલ તરફ દોડવા લાગી

'અનુ..' સરે પૂછ્યું:'બસમાં ફાવે આટલે દૂર જતા આવતા ?'

'જી સર ,બસ તો મળે છે અને એ સિવાય બીજો વિકલ્પ પણ શું ??' અનુ હવે ખૂલી રહી હતી..:' અને સર ,ઓફિસની અમે ત્રણેય છોકરીઓ બસમાં જ આવીએ છીએ '

'ધક્કામુક્કી, વહેલા - મોડા ઘરે પહોંચવાનું, વળી ગીરદી .!!'.એ બધું ફાવે?' સરે અધુરુ વાક્ય છોડ્યું અને તેની સામે ગાડી ડ્રાઈવ કરતાં કરતાં તાકી રહ્યા .

'એ બધું તો સહન કરી લેવાય પણ બાકીનું બધું સહન નથી થતું ..'એવું કહેવાની તીવ્ર ઈચ્છા થઈ આવી પણ તે મૌન રહી : સર નાહ્કના દુ:ખી થાય .!

★★

કારના એસીમાં ખૂબ શાતા વળી રહી હતી. અચાનક ' યુ ' ટર્ન આવ્યો અને સરે ગાડીને બ્રેક મારી. ફૂલની દુકાન હતી. ગાડી ઊભી રહી એટલે દુકાનવાળો તરત જ એક વેણી ગજરો લઈને આવ્યો.

' બે લાવજે ..'સરે. બારીના કાચ ખોલીને તેને કહ્યું. પેલો પાછો ગયો અને બે વેણી ગજરા લઈને આવ્યો

'લે અનુ , એક તારા માટે !' સરે હસીને એક વેણી ગજરો તેના હાથમાં થમાવતા કહ્યું :'નહાઈ ધોઈને વાળમાં લગાડજે. સરસ લાગશે ..'અને પછી કારના ડેશ પછી કારના ડેશબોર્ડ ઉપર વેણી ગજરાની પહેલી પ્લાસ્ટિકની કોથળી મુકતા કહ્યું ,: 'સીમા માટે તો રોજ લઈ જાઉં. સીમા રાત્રે નાહીને લગાડશે !'

★★

ઘેર પહોંચીને હંમેશની જેમ પારકા પરસેવાને અને પરપુરુષોના ગંદા સ્પર્શને ધોઈ નાખવા માટે તે બાથરૂમમાં ગઈ. પણ હૈયાં એ ના પાડી .આજે ક્યાં કોઈ ડાઘ લાગ્યા છે ?! શરીર ઉપર આજ તો નકરી સુગંધોની મહેંદી જ લાગી છે ને ?!

- તેણે માંડી વાળ્યું :.નથી નહાવું આજે, ભલે..' તે પોતાની બંને હથેળી સૂંઘતી જ રહી.... તેને થયું આવી જ કોઈ સુગંધ જિંદગીભર..... ■

# દામલ તો તેની જ્યોતિને ભૂલી શક્યો ન હતો




## ધારાવાહી નવલકથા



અમૃત પરમાર

જ્યોતિના એક સાચા પ્રેમી તરીકે હું તો સાવ લબાડ જ સાબિત થયો. તેના માટે હું શું કરી શક્યો ? કંઈ જ નહીં, તો તેણે તો તેના પોતાના ભવિષ્યનું કંઈ પણ આગળ-પાછળનું વિચાર્યા વગર, પોતાનું અતિ સુંદર અને રસ ઝરતું આખેઆખું યુવાન શરીર મને તો સાવ મફતમાં અર્પણ કરી દીધું. કેટલું મહાન સમર્પણ ! આવું અઘરું કામ કંઈ છોકરી કરી શકે ? હા, તેને જે જોઈતું હતું તે તેને મળી ગયું એ વાત સાચી. પરંતુ આટલા અને આવા અંગદાન પછી પણ તેની હાલત તો અતિશય દયનીય થઈ જતી હોય તો..., આ ફરિયાદ કોને કરવી... ?

હે પ્રભુ...! હે દીનાનાથ... મને સઘળું દુ:ખ દર્દ આપીને મારી જ્યોતિને સુખના સાગરમાં ઝબોળી દો. મનોમન આવી પ્રાર્થના કરતાં કરતાં અત્યારે દામલ સાચે જ રડવા લાગ્યો. તેની આંખે અંધારાં છવાયાં. થોડીવાર તો ડૂમા છાનાં હીબકાં પણ આવવા લાગ્યાં. પરંતુ આવું બધું ક્યાં સુધી... ?

દામલ ઊભો થયો. સામે પડેલી પાણીની બોટલ લઈ, મોઢે માંડી તેણે થોડું પાણી પીધું. ધીમે સ્વસ્થ થયો. ત્યાં વળી તેની નજર સામેની દીવાલ પર એકાએક સ્થિર થઈ.

જ્યાં ચાર બાય સાડા ચાર ફૂટની લેમીનેટેડ રંગીન તસવીર સામે એકીટશે તે ક્યાંય સુધી જોતો જ રહ્યો, જોતો જ રહ્યો. તેને એવો ભાસ થયો કે, તસવીરમાંથી શાંતુ બહાર નીકળી, બે હાથ જોડીને આજીજી કરતાં બોલી રહી છે : 'દામલ.. દામલ હવે તો મને એક બાળક આપ...'

નિયમ છે કે ભ્રમ પેદા થાય એટલે એ વ્યક્તિ ખૂબ જ ડરપોક બની જાય છે. આવા નિયમને લીધે જ દામલ ડરપોક બની ગયો હતો. ડરપોક બન્યો એટલું જ સાથે સાથે બીજી પણ એક ખામી તેના શરીરમાં ઘર કરી ગઈ. તેવામાં લગ્ન પહેલાં જે જોસ, જે જુસ્સો અને જે તાકાત સાથે ઉત્તેજના આગની જેમ ભભૂકિત હતી તે તેની લગ્ન પછી જાણે કે બધી જ શક્તિ સાવ ક્ષીણ થઈ ગઈ, બધી જ ગરમી ને ઉષ્ણની ઉત્તેજના સર્દતર નાશ પામી ગઈ. આ ફેરફાર થવાના લીધે જ શાંતુને તે ક્યારેય પરિતૃપ્ત કરી શકેલ નહીં. આવા ફેરફારની ખબર એટલે કે જાણ દામલને તો હતી જ. પરંતુ આમ કુદરતી રીતે આવી શારીરિક ક્ષતિ પોતાનામાં આવતા દામલ મનથી મનમાં ખૂબ જ મૂંઝાઈ રહ્યો હતો.

આવી અસહ્ય જાતીય બીમારીની સજા દામલને તો ઠીક, પરંતુ શાંતુને શું લેવા ભોગવવી પડે ? શાંતુએ એવો ક્યાં કોઈ મોટો ગુનો કર્યો હતો ? તો પછી હવે શું કરવું... ?

શાંતુની ચાહત, શાંતુનો નિર્દોષ ભર્યો ભર્યો પ્રેમ તો માત્ર ને માત્ર દામલ પ્રત્યે જ સીમિત હતો. તો પછી દામલનો પ્રેમ તેનાં લગ્ન પહેલાં માત્ર ને માત્ર જ્યોતિને જ સમર્પિત હતો. આ બધું તો સમજી શકાય. પરંતુ લગ્ન પછી પણ હજુ સુધી દામલ તો તેની જ્યોતિને ભૂલી શક્યો નહોતો. હા, જ્યોતિ ભૂલવા માટે દામલે અઢળક કોશિશ કરી હતી તેની ના નહીં. પરંતુ જ્યોતિનો દેહ, તેની કમનીય કાયા રસ નીતરતા લાલ લાલ હોઠ એવા હતા કે તે તેને ભૂલી ન શક્યો. એટલે એવા દશ્યે જ કદાચ દામલ સાચે જ કાપુરુષ બની ગયો હતો.

જ્યારે જ્યારે રતિક્રિડા સમયે સામાન્ય રીતે ઉત્તેજિત થયેલાં તેના તમામ અંગો શાંતુ સમક્ષ કાર્યરત થવા તૈયાર થતાં ત્યારે બરાબર એ જ ક્ષણે જ્યોતિનો ચહેરો તેની સામે ઉપસ્થિત થતો. અને જ્યોતિને દેખતાં જ તેના ઉત્તેજિત થયેલાં સબળ અંગો રબ્બર જેવા ઢીલાં પડી જતાં. પણ આવું થતાં દામલ ખૂબ ખૂબ રિબાતો. ખૂબ ખૂબ મૂંઝાતો, ને અતિ લાચાર અને અતિ મજબૂર થઈને શાંતુ જોઈને સાચુકલાં આંસુ પણ પાડતો. આવી અકથ્ય અને અસહનીય દામલની હાલત થઈ હતી. પણ તે બીજું શું કરે... ?

મોડી રાતના અતિ શાંત વાતાવરણમાં કિંમતી શય્યામાં ગરમ ગરમ શ્વાસોની આપ-લે થવા છતાં એકાએક આવી કફોડી હાલત દામલની થતાં બિચારી શાંતુ પથારીમાં પડી પડી છાનાં હીબકાં સાથે સીસકારા ભરતી. અને શાંતુની કામણગારી આંખો ઈશારા કરી કરી ચરમસુખ મેળવવા માટે રીતસર હાથ જોડીને આજીજી કરતી, રોતી, કકળતી અને પછી ભીની ભીની આંખે ઊંઘી જતી. આવું દુ:ખ કોને કહેવું... ?

આમ દામલના વિચારો ઘડીયે ઘડી આમતેમ અલગ અલગ રસ્તે ફરતા રહ્યા. એટલે તો હવે તે પોતે જ પોતાની જાતને મહા અપરાધી ગણતો હતો. તો પછી આવા અપરાધની આકરી સજા શું હોઈ શકે... ? ■

# શિયાળાનો આરંભ એટલે મીઠી ઠંડકનો આહલાદક અનુભવ



## સપ્તરંગ



દિલીપ ભટ્ટાચાર્ય

આંગળીના ટેરવા પર ઊઘડતી દુનિયા મોબાઈલ ફોનની નવી પરિભાષા છે. એને કારણે લાખો નેત્રકમલને હવે બારી બહારનું આકાશ મળતું નથી. હથેળીની સ્ક્રીન પર દેખાતા મેઘધનુના રંગમાં માણસજાતને અભિનવ શિશુકાળનો પુનરપિ ભેટો થયો છે. માણસ એમાં રમતો રહે છે, ભમતો રહે છે ને એમ સાંજ પડી જાય છે. હવે શિયાળાની શરૂઆત થઈ છે. શિયાળાનું પ્રથમ ચરણ હેમંત ઋતુ છે. હેમંત સ્વભાવે જલ તરંગ અથવા તો સિતાર જેવા ધીમા સ્વરની મોસમ છે. એમાં પવનની લહેર સીધી સ્પર્શ કરતી નથી. મેદાનોમાં લહેરાતા ઘાસના ઝુલ્ફાઓમાં અને વૃક્ષોની ઘટાઓમાં અટવાતા-અટવાતા એ પવન આપણી પાસે આવે છે. હેમંત પ્રકૃતિની આપણા તરફની પરોક્ષપ્રીતિ છે. હેમંતમાં બહુ વહેલી સવારે નક્ષત્રોનાં ઝૂમખાં નજરોનજર જોવાની મઝા છે. ધીમે ધીમે ઉગતા ને આથમતા તારાઓનો અભૂતપૂર્વ પ્રવાહ દેખાતો હોય છે. કારણ કે આકાશ એકદમ સ્વચ્છ હોય છે. દૂર દૂરના અનેક તારાઓ હાથ લંબાવવાનું મન થાય એટલો ઉજાસ ધરાવે છે. ક્યાંક તો બાલમંદિર પણ દેખાય છે. સાવ નાનકડા તારલિયાના ટપકાં ટપકાં એકબીજાને અડીને ટોળે વળીને ચાલતા દેખાય છે.

બ્રહ્માંડમાં કુદરતે જાણે કે અગ્નિરેખ લિપિમાં કોઈ રહસ્યમય સંદેશાઓ લખેલા છે. અથવા તો બ્રેઈલ જેવી ટપકાં ટપકાંની લિપિ. પણ એ તો એને ઉકેલનારા મહાપુરુષો આવે ત્યારે સમજાય. આપણી પાસે તો આંખો ઢળી ગયેલા પોપચાંને અને એના પરના ઊંઘના પહાડોને ઉઠાવવાની તાકાત જ ક્યાં છે ? હેમંતની વહેલી સવારે જ્યારે આપણે ઓશિકાને માતાના ખોળાનો દરજ્જો આપીને શિશુ સહજ પોઢી ગયા હોઈએ ત્યારે કોયલ પણ સંભળાય છે. હેમંત ઋતુની વહેલી સવાર આમ તો બહુ વાતોડી છે. જો તમે ખેતરમાં બાંધેલી કોઈ ઝૂંપડીની બહાર ખાટલો નાખીને ચત્તાપાટ સુતા હો તો આકાશ તમારી સાથે અનંતકાલીન વાતો શરૂ કરે. એક શિલ્પકાર જે રીતે આરસના પથ્થર પર બારીક નકશીકામ કરે અને એમાં અખંડ ધીરજ રાખે એ જ રીતે હેમંતની સવારનું આકાશ આપણા અંતઃકરણમાં બહુ બારીક નકશીકામ કરે છે અને બહુ ધીરજ રાખીને આપણા હૃદય પર એ નૂતન સંસ્કારિતાનો અભિષેક કરે છે. આ ઋતુ આપણને શું આપે છે? એક શાકભાજીની લારી ચલાવનારાને પૂછો તો એ કહેશે ફળફળાદિ અને શાકભાજી આપે છે.

પરંતુ એક કલાકારને પૂછો તો એ કહેશે કે જિંદગીના અખંડ આનંદનો પરિચય આપે છે અને આપણને નજીકના સર્વ પ્રિયજનોને વહાલથી વીંટળાઈ વળવાની પ્રેરણા આપે છે. હજુ તો ધુમ્મસની શરૂઆત જ છે તો પણ જુઓ પહાડો પરનો ઢાળ, તળેટીમાં રહેલાં વૃક્ષોની લીલીછમ ઝૂકેલી ડાળ અને એની નીચેથી વગડામાં લીલો ચારો ચરવા જતાં પશુઓના પગલા મેઘરવામાં ઢંકાયેલા છે. હેમંતની સવાર છે તો ઠંડી પરંતુ એનામાં ભીષણ ટાઢક હજુ નથી. હેમંતનો સ્વભાવ મધ્યમ છે. સંસારમાં જે કંઈ મધ્યમ છે એ સ્વીકારવું બહુ સહેલું છે અને એ બહુ સુખ આપે છે. અલ્પ અને અતિ બહુ દુ:ખ આપે છે. પરંતુ મનુષ્ય વારંવાર કોઈ અર્થહીન અલ્પતા કે અતિશયતાનો શિકાર બને છે. ક્યારેક એ એને ગમે પણ છે. અલબત્ત આથી મનુષ્ય અત્યંત દુ:ખી થતો જોવા મળે છે. મધ્યમની ઉપાસના એ તો ભગવાન બુધ્ધ જેવા અવતારી પુરુષોનો રાજમાર્ગ છે. હેમંત ઋતુએ એ રસ્તો બતાવેલો છે. હેમંત શિયાળાનો મધ્યમ માર્ગ છે.

એનો અનુભવ મંદ મંદ મલયાનિલ જેવો લાગે. હેમંતનો સ્પર્શ હુંફાળો હોય છે. સામાન્ય રીતે સ્પર્શ ઉષ્માપૂર્ણ હોય છે, પરંતુ હેમંતનો એકલો જ સ્પર્શ શીતળતાનો અનુભવ આપે છે. આવો અનુભવ હેમંત ઋતુ સિવાય સંસારમાં કોઈ આપી શકે તેમ નથી. અંતઘડીએ પત્ની પાસે ઊભી હોય અને અથવા અનેક મૂંઝવણો વચ્ચે અટવાયેલા શિષ્ય પર ગુરુ કથિત સમાધાનની અમૃત વર્ષા થાય ત્યારે જે અનુભવ થાય એ જ અનુભવ હેમંત ઋતુ વહેલી સવારના સ્પર્શમાં આપે છે. હેમંતની સાથે સાથે ચાલવા જેવું છે. હેમંતમાં બહુ વહેલી સવારે નક્ષત્રોનાં ઝૂમખાંઓમાં અભૂતપૂર્વ પ્રવાહિતા હોય છે કારણ કે આકાશ એકદમ સ્વચ્છ હોય છે. આકાશ આમ તો આપણી આંખોનો રોજનો ખોરાક છે. કારણ કે આકાશ આપણા હૃદયને વિશાળતા આપે છે અને મનુષ્ય તરીકે અનિવાર્ય એવી ઉદારતા આપણને આ આકાશ પાસેથી જ મળે છે.

એકવાર જેને હેમંતનો પરિચય થાય એની આખા વરસની બધી સવાર સુધરી જાય છે. આપણે ત્યાં અખાડામાં સવારે એક વર્ગ જાય છે. પણ તેમાંના બહુધા લોકો ઉંમરલાયક હોય છે. અખાડો ખરેખર યુવાનો માટે હોય છે. જેમની યુવાનીને અખાડાની દીક્ષા મળે એમની આખી જિંદગીને એક સોનેરી કિનાર લાગી જાય છે. શિયાળાની સંગત થવી હોય તો કારતકના આ દિવસોમાં જ થાય છે. એકવાર હેમંત પસાર થઈ જાય પછી ઘરમાં કે બહાર શિયાળો આકરો લાગે છે. આ વખતે શિયાળો કાતિલ હશે. કારણ કે જમીનમાં ભારે વરસાદી જળ ઘર કરી ગયા છે. એટલે ઠરેલી ધરતી દિવસના ઉષ્ણતામાનમાં બહુ તપવાની નથી. ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# મણિપુરમાં ઝેરી દારૂકાંડથી ૧૩ના મોત, ૩૪૬થી વધુ લોકો હોસ્પિટલમાં દાખલ

ઈમ્ફાલ, તા.૨૧

મણિપુરના ચંદેલ જિલ્લામાં શંકાસ્પદ ઝેરી દારૂ પીવાથી ગંભીર દુર્ઘટના સર્જાઈ છે. દારૂના સેવનથી ઓછામાં ઓછા ૧૩ લોકોનાં મોત થયા છે, જ્યારે ૩૪૬થી વધુ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અસરગ્રસ્તોમાં મોટાભાગના ચકપીકારોંગ અને આસપાસના વિસ્તારના



રહેવાસીઓ છે. પ્રાથમિક તપાસમાં દારૂમાં મિથેનોલ નામનું ઝેરી રસાયણ હોવાની આશંકા છે. દર્દીઓને ચક્કર અને પેટમાં દુખાવા જેવી તકલીફો થઈ રહી છે. ગંભીર દર્દીઓનું હિમોડાયલિસિસ કરવામાં આવી રહ્યું છે. મુખ્યમંત્રી યુમનામ ખેમચંદ સિંહે હોસ્પિટલની મુલાકાત લઈ દર્દીઓના હાલ જાણ્યા અને તપાસના આદેશ આપ્યા છે. વહીવટીતંત્રે ચાર ઝડપી પ્રતિભાવ ટીમો તૈનાત કરી છે. શંકાસ્પદ દારૂ કાકચિંગ જિલ્લાના સુગ્નુમાંથી ખરીદાયો હોવાની આશંકા છે.

# ગંગાનદીપરબનેલા 'નીતિશસેતુ'નું પ્રધાનમંત્રીમોદીએકર્યુંલોકાર્પણ

પટના, તા.૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ રાજ્યોના પ્રવાસ દરમિયાન બિહાર પહોંચ્યા હતા. વૈશાલી જિલ્લામાં ગંગા નદી પર રૂ. ૪,૨૮૦ કરોડના ખર્ચે નિર્મિત ૧૯.૭ કિલોમીટર લાંબા છ લેનના નીતિશ સેતુનું લોકાર્પણ કર્યું હતું. આ પુલ પટનાના કચ્છી દરગાહને વૈશાલીના બિદુપુર સાથે જોડે છે. જાહેરસભામાં મોદીએ



જણાવ્યું હતું કે છઠ્ઠી મૈયાના આશીર્વાદથી બિહારમાં વિકાસનો ઉત્સવ ઉજવાઈ રહ્યો છે. આ પુલથી ખેડૂતોને કૃષિ પેદાશો બજાર સુધી પહોંચાડવામાં અને લોકોને શિક્ષણ, આરોગ્ય તથા પરિવહન સુવિધાઓ મેળવવામાં સરળતા રહેશે. આ ઉપરાંત ૧૦૦ પીએમ ઈ-બસને લીલી ઝંડી આપી હતી અને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ગરીબ પરિવારોને પાકાં મકાનોની ચાવીઓ સોંપવામાં આવી હતી. બિહારમાં માર્ગ, ઊર્જા, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે અનેક વિકાસકાર્યોનું લોકાર્પણ તથા શિલાન્યાસ પણ કરવામાં આવ્યા હતા.

**તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ, માહે, આંધ્રપ્રદેશ અને રાયલસીમામાં છૂટાછવાયા વરસાદની શક્યતા**

# 'અક્વાન'ની અસરથી ૧૮ રાજ્યોમાં વરસાદની આગાહી, ભારે ઠંડીનો ચમકારો

નવી દિલ્હી, તા.૨૧

દેશભરમાં હવામાનમાં ઝડપથી પલટો આવી રહ્યો છે. દિલ્હી-એનસીઆર સહિત ઉત્તર ભારતમાં ઠંડીનું પ્રમાણ વધી રહ્યું છે. બીજી તરફ, બંગાળની ખાડીમાં સર્જાયેલું ચક્રવાતી વાવાઝોડું 'અક્વાન' નબળું પડ્યું હોવા છતાં તેની અસર હજુ યથાવત્ છે. ભારતીય હવામાન વિભાગે તેની અસરને પગલે બિહાર અને ઝારખંડ સહિત દેશનાં ૧૮ રાજ્યોમાં વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૨૧થી ૨૩ અને ૨૬ નવેમ્બર દરમિયાન તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ, માહે, આંધ્રપ્રદેશ અને રાયલસીમામાં છૂટાછવાયા વરસાદની શક્યતા છે. જ્યારે ૨૩થી ૨૬ નવેમ્બર દરમિયાન કર્ણાટકમાં પણ વરસાદ પડી શકે છે. બિહારમાં ૨૨ અને ૨૩ નવેમ્બરે ભારે વરસાદ સાથે



૩૦થી ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાં પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. સિક્કિમમાં કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ પડી શકે છે, જ્યારે આસામ અને મેઘાલયમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા વ્યક્ત કરાઈ છે. ઓડિશામાં હળવો વરસાદ પડી શકે છે. બીજી તરફ, દિલ્હી-એનસીઆરમાં આગામી દિવસોમાં આકાશ વાદળછાયું રહેવાની સાથે ધુમ્મસ છવાઈ શકે છે. અહીં મહત્તમ તાપમાન ૨૫થી ૨૭ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૩થી ૧૫ ડિગ્રી રહેવાની સંભાવના છે. હરિયાણા, ચંદીગઢ, દિલ્હી અને પંજાબમાં ગાઢ ધુમ્મસની આગાહી છે.

# ગંગા જળ સંધિની મુદત પૂર્ણ થવાના આરે, ભારત-બાંગ્લાદેશ વચ્ચે બે દિવસીય બેઠક

નવી દિલ્હી, તા.૨૧

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ગંગા નદીના પાણીની વહેંચણી અંગે મહત્વપૂર્ણ બેઠકોનો પ્રારંભ થયો છે. ભારતીય અધિકારીઓની એક ટીમ બાંગ્લાદેશ પહોંચી છે, જ્યાં ૨૧થી ૨૩ નવેમ્બર દરમિયાન બંને દેશો વચ્ચે ચર્ચા યોજાઈ રહી છે. ગંગા જળ સંધિ હેઠળ પાણીની વહેંચણી પર દેખરેખ રાખવા માટે સંયુક્ત સમિતિની રચના કરવામાં આવી છે. બંને દેશો વચ્ચે ૧૨ ડિસેમ્બર, ૧૯૯૬ના રોજ ૩૦ વર્ષ માટે ગંગા જળ સંધિ પર હસ્તાક્ષર થયા હતા. આ સંધિ ૧૨ ડિસેમ્બર, ૨૦૨૬ના



રોજ પૂર્ણ થવાની છે. તેમાં જાન્યુઆરીથી મે મહિના દરમિયાન ફરક્કા બેરેજ ખાતે ગંગાના પાણીની વહેંચણીની જોગવાઈ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સંધિનું નવીનીકરણ કરવું કે તેની મુદત લંબાવવી તે અંગેનો અંતિમ નિર્ણય બંને દેશોના રાજકીય નેતૃત્વ દ્વારા લેવામાં આવશે. બીજી તરફ, બાંગ્લાદેશ હાલની સંધિના નવીનીકરણને બદલે નવી સંધિ માટે વાટાઘાટો કરવા ઇચ્છે છે.

# અમરેલી: ૯૫-અમરેલી વિધાનસભા પરિવાર દ્વારા રવિવારે ભવ્ય 'નૂતનવર્ષસ્નેહમિલનસમારોહ'નું આયોજન

અમરેલી, તા. ૨૧

નૂતન વર્ષના પાવન અવસરે પરસ્પર સ્નેહ, સંવાદ અને સંગઠનની એકતાને વધુ સુદૃઢ કરવાના ઉમદા હેતુથી ભારતીય જનતા પાર્ટી - અમરેલી જિલ્લો તથા ૯૫-અમરેલી વિધાનસભા પરિવાર દ્વારા 'નૂતન વર્ષ સ્નેહમિલન સમારોહ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહ આજ રોજ સાંજે ૪:૦૦ કલાકે અમરેલીના લાઠી રોડ સ્થિત વિદ્યાસભા કેમ્પસ ખાતે યોજાશે. આ પ્રસંગે ગુજરાત રાજ્યના કાયદો અને ન્યાયતંત્ર, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યકક્ષાના મંત્રી તથા અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા વિશેષ ઉપસ્થિત રહેશે. નિમંત્રક કૌશિક




વેકરિયા અને ૯૫-અમરેલી વિધાનસભા પરિવાર દ્વારા ભારતીય જનતા પાર્ટીના તમામ કાર્યકર્તા ભાઈઓ-બહેનો, પદાધિકારીશ્રીઓ, આગેવાનો અને શુભેચ્છકોને આ સ્નેહમિલન સમારોહમાં સમયસર પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કાર્યકરો અને નાગરિકો ઉપસ્થિત રહે તેવું આમંત્રણ રાજ્ય મંત્રી કૌશિક વેકરિયાએ પાઠવેલ છે.

# ભારત-બલ્ગેરિયા સંબંધોને નવી ગતિ મળશે: જયશંકર

નવી દિલ્હી, તા.૨૧

વિદેશ મંત્રી એસ. જયશંકરે ભારત અને બલ્ગેરિયા વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને નવી ગતિ આપવાની દિશામાં ભાર મૂક્યો છે. નવી દિલ્હીમાં બલ્ગેરિયાના વિદેશ મંત્રી વેલિસ્લાવા પેટ્રોવા-ચામોવા સાથેની મુલાકાત દરમિયાન તેમણે જણાવ્યું હતું કે બંને દેશો વચ્ચે વેપાર, રોકાણ, સંરક્ષણ, શિક્ષણ,



વિજ્ઞાન-ટેકનોલોજી, કૃત્રિમ બુદ્ધિ (એઆઈ), અવકાશ, પર્યટન અને લોકો વચ્ચેના સંપર્કો વધારવા માટે વિસ્તૃત રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે. જયશંકરે જણાવ્યું હતું કે લાંબા સમય બાદ થઈ રહેલી આ મુલાકાત બંને દેશોના સંબંધોમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરવા અને ભવિષ્યના સહયોગની દિશા નક્કી કરવા માટે મહત્વપૂર્ણ છે.

તેમણે જૂનમાં કરેલી સોફિયાની મુલાકાતનો ઉલ્લેખ કરતાં કહ્યું કે તેનાથી દ્વિપક્ષીય સંબંધોને નવી ઊર્જા મળી છે. બેઠક દરમિયાન કાળા સમુદ્રમાં જહાજો પર થયેલા હુમલાનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો હતો. હુમલામાં ઘાયલ ભારતીય ખલાસીઓની સારવાર અને તેમને સુરક્ષિત સ્વદેશ પરત લાવવામાં બલ્ગેરિયન સરકારે કરેલી મદદ બદલ જયશંકરે આભાર વ્યક્ત કર્યો હતો.

# બગસરાના પીઠડીયા ગામની સગીરાના અપહરણ મામલે પોલીસે ગુનો નોંધાયો

**લગ્નની લાલચ આપી પ્રેમજાળમાં ફસાવી સગીરાને ભગાડી ગયાની ફરિયાદ**

અમરેલી,તા.૨૧

બગસરા તાલુકાના પીઠડીયા ગામે રહેતી ૧૪ વર્ષીય સગીરાને લગ્નની લાલચ આપી લલચાવી-ફોસલાવી ભગાડી લઈ ગયા હોવાની ફરિયાદ બગસરા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ, બગસરા તાલુકાના પીઠડીયા ગામે પ્રાથમિક શાળા પાસે રહેતા અને ખેતીકામ કરતા મહિલાની ૧૪ વર્ષ ૨૮ દિવસની સગીર પુત્રીને બાબરા તાલુકાના બાબરા ખાતે રહેતો સંજય ઉર્ફે સંદો ભરતભાઈ મકવાણા નામનો શખ્સ પ્રેમજાળમાં ફસાવી ગયો હતો.આરોપીએ સગીરા સગીરવયની અને અણસમજુ હોવાનું જાણવા છતાં તેના ભોળપણનો લાભ લઈ, લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે ગત તા. ૧૬/૧૧/૨૦૨૬ ના રોજ બપોરે ૧૨:૩૦ વાગ્યાના અરસામાં પીઠડીયા ગામેથી કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઈ ગયો હતો. બગસરા પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ. તથા પોક્સો એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ મામલે પોલીસ ઈન્સ્પેક્ટર ઓ. કે. જાડેજા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# ઉત્તર પ્રદેશમાં એમ્બ્યુલન્સ અને પિકઅપ વચ્ચે ગમખ્વાર અકસ્માત, પાંચનાં મોત

**પૂર્વાંચલ એક્સપ્રેસ-વે પર વહેલી સવારે સર્જાઈ દુર્ઘટના, મૃતદેહ લઈને જતી એમ્બ્યુલન્સ પિકઅપમાં ઘૂસી ગઈ**

બારાબંકી,તા.૨૧

ઉત્તર પ્રદેશના બારાબંકીમાં શનિવારે વહેલી સવારે પૂર્વાંચલ એક્સપ્રેસ-વે પર ભીષણ માર્ગ અકસ્માત સર્જાતાં પાંચ લોકોનાં કરુણ મોત નીપજ્યાં હતાં. થાણા સુબેહા વિસ્તારના ઘેરાવન ગામ નજીક એક્સપ્રેસ-વેના ૫૩.૩ કિલોમીટર પોઈન્ટ પર સવારે આશરે ૬:૩૦ વાગ્યે આ દુર્ઘટના બની હતી. રાજસ્થાનના જયપુરથી એક મૃતદેહ લઈને ગાઝીપુર જઈ રહેલી પૂરપાટ ઝડપે દોડતી એમ્બ્યુલન્સ આગળ ઊભેલા પિકઅપ વાહન સાથે પાછળથી ધડાકાભેર અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે એમ્બ્યુલન્સમાં સવાર તમામ પાંચ લોકોનાં મોત નીપજ્યાં હતાં. મૃતકોમાં બે ડ્રાઈવર સહિત ત્રણ અન્ય લોકોનો સમાવેશ થાય છે.

# ગીર સોમનાથ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં ખેત બચાવો અભિયાન અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયા

કોડીનાર,તા.૨૧

ભારત સરકારના કૃષિ મંત્રાલયના 'ખેત બચાવો અભિયાન' અંતર્ગત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (KVK), કોડીનાર દ્વારા ગીર સોમનાથ જિલ્લામાં વિવિધ જાગૃતિ કાર્યક્રમો યોજાયા હતા. તા. ૨૨ ઓક્ટોબરથી ૧૯ નવેમ્બર-૨૦૨૬ દરમિયાન કોડીનાર, તાલાળા, વેરાવળ, ગીરગઢડા, સુત્રાપાડા અને ઉના તાલુકાના ૨૮ ગામોમાં યોજાયેલા આ કાર્યક્રમોમાં ૬૪૪ ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. KVKના વડા જિતેન્દ્રસિંહ અને નિષ્ણાતોની બે ટીમોએ ખેડૂતોને શિયાળુ પાકોની આધુનિક ખેતી, પ્રાકૃતિક કૃષિ, ખાતરનો કાર્યક્ષમ ઉપયોગ, બાગાયતી મૂલ્યવર્ધન તથા જમીન-પાણીની ચકાસણી દ્વારા ખેતી ખર્ચ ઘટાડવા અંગે સચોટ માર્ગદર્શન આપ્યું હતું. ખેડૂતોના પ્રશ્નોના નિરાકરણ સાથે યોજાયેલા આ અભિયાનમાં ખેતીવાડી, બાગાયત, આત્મા પ્રોજેક્ટ અને પ્રાકૃતિક કૃષિ બોર્ડના અધિકારીઓ પણ સહભાગી બન્યા હતા.

**૬ તાલુકાના ૨૮ ગામોમાં યોજાયેલા કાર્યક્રમમાં ૬૪૪ ખેડૂતોને નિષ્ણાતો દ્વારા આધુનિક અને પ્રાકૃતિક ખેતીની માહિતી અપાઈ**

# ધોરાજીમાં ડુંગળીના પાક પર ગરમી અને પીળીયા રોગનો માર, ભાવ વધ્યા છતાં ખેડૂતોની આવક ઘટવાની ભીતિ

**ગત વર્ષે રૂ. ૩૦૦થી ૪૦૦ સામે હાલ રૂ. ૬૦૦થી ૭૫૦ પ્રતિ મણ ભાવ, ઓછા ઉત્પાદન અને વધતા ખર્ચથી ખેડૂતો ચિંતિત**

ધોરાજી,તા.૨૧

ધોરાજી પંથકમાં ડુંગળીનું વાવેતર કરતા ખેડૂતો પર વાતાવરણના પલટા અને કાળઝાળ ગરમીની માઠી અસર જોવા મળી રહી છે. ડુંગળીના પાકમાં પીળીયા



રોગ આવતાં છોડનો વિકાસ અટક્યો છે અને ગરમીના કારણે ગાંઠનો યોગ્ય વિકાસ થતો નથી. એક વીઘા દીઠ અંદાજે રૂ. ૨૫ હજારનો ખેતી ખર્ચ થયો હોવા છતાં ઉત્પાદન ઘટવાની ભીતિ છે. બીજી તરફ ગત વર્ષે ડુંગળીના રૂ. ૩૦૦થી ૪૦૦ પ્રતિ મણ ભાવ સામે હાલ રૂ. ૬૦૦થી ૭૫૦ સુધી ભાવ મળી રહ્યા છે.

ભાવમાં વધારો થયો હોવા છતાં ઓછા ઉત્પાદનને કારણે ખેડૂતોને પૂરતો આર્થિક ફાયદો મળવાની શક્યતા ઓછી છે. વેપારીઓના મતે આગામી દિવસોમાં આવક ઘટશે તો ભાવમાં હજુ વધારો થઈ શકે છે. ખેડૂતોને પાક બચવાની આશા છે.

# રાજ્યપાલ આનંદીબેન પટેલની સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના પ્રતિનિધિમંડળે કરી શુભેચ્છા મુલાકાત

ઉના,તા.૨૧

સોમનાથ ખાતે ગુજરાતનાં પૂર્વ મુખ્યમંત્રી અને હાલ ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલની સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના પ્રતિનિધિમંડળે શુભેચ્છા મુલાકાત કરી હતી. સોમનાથ મંદિર પરિસરમાં આવેલા સાગર દર્શન ખાતે યોજાયેલી આ મુલાકાત દરમિયાન સંસ્કૃત ભાષા, ભારતીય સંસ્કૃતિ અને પ્રાચીન જ્ઞાનપરંપરાના



સંવર્ધન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આ ઉપરાંત યુનિવર્સિટીની વિવિધ શૈક્ષણિક, સંશોધનાત્મક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અંગે પણ રાજ્યપાલને માહિતી આપવામાં આવી હતી. પ્રતિનિધિમંડળે યુનિવર્સિટી દ્વારા હાથ ધરવામાં આવતી વિવિધ શૈક્ષણિક કામગીરી અને સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર માટેના પ્રયાસોથી તેમને માહિતગાર કર્યા હતા. આ પ્રસંગે યુનિવર્સિટીના કુલપતિ ડૉ. નરેન્દ્રકુમાર પંડ્યા, કુલસચિવ ડૉ. મહેશ મેતરા, હિતેશભાઈ જાની તથા નિકુલ ગોસ્વામી ઉપસ્થિત રહ્યા હતા. મુલાકાત દરમિયાન ભારતીય સંસ્કૃતિના વારસાને જાળવવા અને નવી પેઢી સુધી પહોંચાડવા અંગે પણ વિચારોનું આદાનપ્રદાન થયું હતું.

# અમરેલી સહિત રાજ્યના અનેક શહેરોમાં તાપમાનનો પારો સડસડાટ નીચે ઉતર્યો

અમદાવાદ, તા.૨૧

ગુજરાતમાં શિયાળાની અસર વધવા સાથે વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. રાજ્યનાં અનેક શહેરોમાં લઘુતમ તાપમાનમાં ઘટાડો નોંધાતાં લોકોએ ગરમ કપડાંનો સહારો લેવો પડ્યો છે. હવામાન વિભાગના અનુમાન મુજબ શનિવારે ઠંડીમાં વધુ વધારો થઈ શકે છે. ઉત્તર-પૂર્વ દિશામાંથી ફૂંકાતા ઠંડા પવનો અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઘટતાં ઠંડીની અસર વધી છે. બંગાળની ખાડીમાં સર્જાયેલા ચક્રવાત અક્વાનની અસરથી દેશના કેટલાક




રાજ્યોમાં વરસાદની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યમાં ડાંગનું લઘુતમ તાપમાન ૧૧.૨ ડિગ્રી નોંધાયું છે. અમદાવાદમાં ૧૮.૧, ગાંધીનગરમાં ૧૭.૨, રાજકોટમાં ૧૬.૮, વડોદરામાં ૧૪, ડીસામાં ૧૫.૫, જૂનાગઢમાં ૧૭.૪ અને અમરેલીમાં ૧૮.૨ ડિગ્રી તાપમાન નોંધાયું છે. દીવમાં ૧૭, નલિયામાં ૧૪, ભુજમાં ૧૮.૨ અને દમણમાં ૧૬.૬ ડિગ્રી તાપમાન રહ્યું છે. દરમિયાન, એક સંશોધનના અનુમાન મુજબ વર્ષ ૨૦૩૦ સુધીમાં ગુજરાતમાં શિયાળા દરમિયાન લઘુતમ તાપમાનમાં ૧થી ૨ ડિગ્રીનો વધારો થઈ શકે છે.

# ગાંધીનગરમાં ફૂડ વિભાગની તપાસથી હોટલ સંચાલકોમાં ફફડાટ, ૬ રેસ્ટોરન્ટને નોટિસ પાઠવી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા સ્પેશિયલ ડ્રાઈવ અંતર્ગત જિલ્લામાં હોટલ-રેસ્ટોરન્ટ સહિત ૬૦ ખાદ્ય એકમોમાં ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવી હતી. ચિલોડા-હિંમતનગર અને અડાલજ-મહેસાણા હાઈવે પર આવેલી ૨૯ હોટલોમાં ચેકિંગ દરમિયાન સ્વચ્છતા અને હાઈજીનના નિયમોમાં ગંભીર ક્ષતિઓ જણાતાં





છ હોટલને ઈમ્પ્રુવમેન્ટ નોટિસ ફટકારવામાં આવી છે. જેમાં લીલીવાડી કાઠિયાવાડી રેસ્ટોરન્ટ, મારુતીનંદન રેસ્ટોરન્ટ, માં ખોડિયાર ઢાબા, મહારાજ હોટલ, વિનય હોટલ અને હોટલ પાલવનો સમાવેશ થાય છે. અન્ય ૩૧ ખાદ્ય પેઢીઓમાં આઈસક્રીમ અને ફ્રોઝન ડેઝર્ટ અંગે તપાસ કરી ગ્રાહકોને બંને વચ્ચેનો તફાવત સમજાવતા બોર્ડ લગાવવા સૂચના અપાઈ છે. કર્મચારીઓને કેપ, એપ્રોન અને ગ્લવ્ઝ પહેરવા તેમજ હાનિકારક કલર અને ન્યૂઝપેપરનો ઉપયોગ ટાળવા તાકીદ કરાઈ છે. નિયમોનો ભંગ કરનાર સામે લાયસન્સ રદ કરવા સુધીની કાર્યવાહી થઈ શકે છે.

# જામનગરમાં નકલી ઘીની ફેક્ટરી ઝડપાઈ, રૂ.૫.૭૭ લાખનો જથ્થો જપ્ત

જામનગર, તા.૨૧

જામનગરના રવાણી ખીજડીયા ગામની સીમમાં આવેલી વાડીમાં ચાલતી નકલી ઘીની ફેક્ટરી પર પંચકોશી 'એ' ડિવિઝન પોલીસે દરોડો પાડી રૂ.૫,૭૭,૮૪૦ની કિંમતનો અંદાજે ૯૩૨ લિટર ઘીનો જથ્થો જપ્ત કર્યો હતો. આ મામલે મનસુખ ખીમસૂર્યાની ધરપકડ કરવામાં આવી છે. પોલીસને બાતમી મળી હતી કે ભરત ખીમસૂર્યા અને મનસુખ ખીમસૂર્યા વાડીમાં મશીનરીની મદદથી ઘી બનાવવાનું કામ કરે છે. તેના આધારે દરોડો પાડતાં મનસુખ સ્થળ પર મળી આવ્યો હતો. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારી ડો. આર.જે. કોટડિયાએ ઘીના નમૂના લઈ તપાસ હાથ ધરી હતી. દરોડા દરમિયાન 'કેટી બંધન કાઉસ પ્યોર ઘી'ના લેબલવાળા ૨૦૦ મિલીના ૨,૧૬૦ સીલબંધ ડબ્બા મળી આવ્યા હતા. આશરે ૫૦૦ લિટર ઘીનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. નમૂનાઓના રિપોર્ટ બાદ આગળની કાયદેસરની કાર્યવાહી કરાશે.

# યોગ્ય તક આપ્યા વિના સાક્ષીની ઉલટતપાસ બંધ કરવાનો ટ્રાયલ કોર્ટને અધિકાર નથી: ગુજરાત હાઈકોર્ટ

અમદાવાદ, તા.૨૧

ફોજદારી કે દીવાની કેસમાં સાક્ષીની ઉલટતપાસ એ માત્ર ઔપચારિકતા નહીં, પરંતુ સત્ય સુધી પહોંચવા અને પોતાનો બચાવ રજૂ કરવા માટેનો પક્ષકારનો કાયદેસરનો અધિકાર છે. ગુજરાત હાઈકોર્ટે મહત્વપૂર્ણ ચુકાદામાં ઠરાવ્યું છે કે યોગ્ય તક આપ્યા વિના ટ્રાયલ કોર્ટ સાક્ષીની ઉલટતપાસ અધવચ્ચે બંધ કરી શકે નહીં. અમદાવાદ ગ્રામ્યની કોર્ટ નંબર-૬ના એડિશનલ સેશન્સ જજ પરેશ એમ. સયાણીના આદેશને પડકારતી અરજીની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે આ નિર્ણય આપ્યો હતો. કેસમાં પોસ્ટમોર્ટમ કરનાર તબીબની ઉલટતપાસ ચાલુ હોવા છતાં ટ્રાયલ કોર્ટે સુઓમોટો કાર્યવાહી કરીને તેનો હક્ક બંધ કર્યો



હતો. અરજદારના વકીલે મુદત કે વધારાના સમયની માંગ પણ કરી નહોતી. એડવોકેટ આદિત્ય અજય ચોકસીએ અરજદાર તરફથી દલીલો રજૂ કરી હતી. હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટનો હુકમ રદ કરીને બાકી ઉલટતપાસ પૂર્ણ કરવાની મંજૂરી આપી છે. હવે નિર્ધારિત તારીખે તબીબને હાજર રાખી બચાવ પક્ષના વકીલ ઉલટતપાસ કરી શકશે. સાથે જ તબીબના ખર્ચની રકમ નીચલી કોર્ટમાં જમા કરાવવાનો આદેશ પણ કર્યો છે. આ ચુકાદો પક્ષકારોને ન્યાયી તક આપવાના સિદ્ધાંતને વધુ મજબૂત બનાવે છે.

# પાટણમાં પીએમ આવાસ યોજનામાં ગેરકાયદે કબજા બદલ ૬ મકાનો સીલ

પાટણ, તા.૨૧

પાટણના શ્રમજીવી સોસાયટી વિસ્તારમાં આવેલી સરકારી આવાસ યોજનામાં નિયમ વિરુદ્ધ ઉપયોગ થતા હોવાની વિગતો સામે આવતાં નગરપાલિકાએ કાર્યવાહી કરી હતી. ચીફ ઓફિસર હિરલ ઠાકરની આગેવાનીમાં હાથ ધરાયેલી ઝુંબેશ દરમિયાન છ આવાસ પરત મેળવી સીલ કરવામાં આવ્યા હતા. જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં થયેલી રજૂઆતના નિરાકરણરૂપે આ કાર્યવાહી કરવામાં આવી હતી. તપાસમાં કેટલાક લાભાર્થીઓએ આવાસ ભાડે આપ્યા, વેચી દીધા અથવા અન્ય સરકારી યોજનાનો બેવડો લાભ લીધો હોવાનું સામે આવ્યું હતું. તંત્રએ કુલ ૧૪ આવાસોની યાદી તૈયાર કરી હતી. તેમાંથી બે કિસ્સામાં મૂળ લાભાર્થીનાં અવસાન બાદ સંતાનો રહેતા હોવાથી કાર્યવાહી કરાઈ નહોતી. બાકીના આવાસો સામે આગામી તબક્કે કાર્યવાહી થશે.

# ભાજપના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારના નિવાસસ્થાને અમદાવાદની યુવતીનો હોબાળો

હિંમતનગર, તા.૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના ભાજપના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારના નિવાસસ્થાને અમદાવાદની એક યુવતીએ હોબાળો મચાવ્યાની ઘટના સામે આવી છે. ધારાસભ્યના વૃદ્ધ પિતા અને અન્ય મુલાકાતીઓ હાજર હતા તે દરમિયાન યુવતી બળજબરીપૂર્વક ઘરમાં ઘૂસી ગઈ હતી અને બૂમાબૂમ કરી વાતાવરણ તંગ બનાવ્યું હતું. ધારાસભ્યના પિતાએ તલોદ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, અગાઉના વિવાદ અને તેની સાથે સંકળાયેલી ફરિયાદના સમાધાનના મુદ્દે યુવતીએ હોબાળો કર્યો હતો. આ દરમિયાન તેણે ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારનું રાજકારણ ખતમ કરી નાખવાની ધમકી આપી



હોવાનો પણ ફરિયાદમાં આક્ષેપ કરાયો છે.

ઘટનાની જાણ થતાં પોલીસને બોલાવવામાં આવી હતી. જોકે, પોલીસની વાન પહોંચે તે પહેલાં જ યુવતી નંબર પ્લેટ વગરની કાર લઈને સ્થળ પરથી ફરાર થઈ ગઈ હતી. આ મામલે તલોદ પોલીસે ફરિયાદના આધારે તપાસ શરૂ કરી છે અને ફરાર યુવતી તથા નંબર પ્લેટ વગરની કારની શોધખોળ હાથ ધરી છે.

# રાજકોટમાં દોઢ કલાકમાં બેહત્યા : પત્નીની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા, બીજા બનાવમાં યુવકનું મોત

રાજકોટ, તા.૨૧

રાજકોટ શહેરમાં દોઢ કલાકના અંતરે હત્યાના બે બનાવો બનતાં ચકચાર મચી ગઈ છે. પ્રથમ બનાવ મોરબી રોડના વેલનાથપરા સ્થિત સ્કાય રેસિડેન્સીમાં બન્યો હતો, જ્યાં આડા સંબંધની શંકામાં પ્રવીણ પરસોડાએ પત્ની શારદાબેનને તીક્ષ્ણ હથિયારના આઠ જેટલા ઘા ઝીંકી હત્યા કરી હતી. ત્યારબાદ આરોપી ઝેરી દવા પીધા બાદ ફરાર થયો હોવાની આશંકા છે. બીજો બનાવ રાત્રે આઠ વાગ્યે ગાંધીગ્રામના એસ.કે. ચોક પાસે



બન્યો હતો. મહુલી પાનના ગલ્લા પાસે સામાન્ય બોલાચાલીમાં ઉશ્કેરાયેલા ગની મેમણે ૩૪ વર્ષીય મનીષ પરમાર પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કરતાં તેમનું મોત નીપજ્યું હતું. બંને બનાવોમાં પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમો તપાસમાં જોડાઈ છે. પ્રથમ બનાવમાં પતિ અને બીજા બનાવમાં ગની મેમણને ઝડપી પાડવા પોલીસે શોધખોળ તેજ કરી છે. એક જ સાંજમાં બે હત્યાથી શહેરમાં ભય અને ચિંતાનો માહોલ ફેલાયો છે.

# ગિરનારની લીલી પરિક્રમાનો મધ્યરાત્રિએ પ્રારંભ, ભક્તોનું ઘોડાપૂર

જૂનાગઢ, તા.૨૧

જૂનાગઢના ભવનાથ ખાતે દેવઉઠી અગિયારસના પવિત્ર અવસરે ૨૦ નવેમ્બરની મધ્યરાત્રિએ ગરવા ગિરનારની ઐતિહાસિક લીલી પરિક્રમાનો વિધિવત પ્રારંભ થયો હતો. કારતક સુદ અગિયારસની મધ્યરાત્રિએ રૂદ્રેશ્વર જાગીર ભારતી આશ્રમના ગેટ પરથી ભગવાન દત્તાત્રેયનું પૂજન, શ્રીફળ વધેરી અને પોલીસ બેન્ડની સુરાવલી સાથે પરિક્રમાને ખુલ્લી મૂકવામાં આવી હતી. આ પ્રસંગે ગિરનાર સાધુ મંડળના અધ્યક્ષ ઈન્દ્રભારતી બાપુ, જગદગુરુ મહેન્દ્રાનંદગીરી બાપુ સહિતના સાધુ-સંતો ઉપસ્થિત



રહ્યા હતા. ધારાસભ્યો, મેયર, ડેપ્યુટી મેયર, કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનર, આઈજી અને એસપી સહિતના પદાધિકારીઓ તથા અધિકારીઓ પણ જોડાયા હતા. કારતક સુદ અગિયારસથી પૂનમ સુધી ચાલનારી ૩૬ કિલોમીટરની પરિક્રમામાં લાખો શ્રદ્ધાળુઓ ઉમટી પડવાની શક્યતા છે.





